


# અધ્યાત્મ



વર્ષ : ૧૪ ડીસેમ્બર—૧૯૯૨ અંક : ૩

# * પ્રાર્થનાની શક્તિ *

પ્રાર્થના દ્વારા પરાત્પર, પરમપ્રેમમય, પ્રકાશસ્વરૂપ પરમાત્માનો સીધો સંપર્ક સધાય છે એ સંપર્ક ખૂબ જ કલ્યાણકારક થઇ પડે છે. એથી નવજીવનનો, નવલ રસનો, સનાતન શક્તિનો સંચાર થાય છે. વિરોધાભાસી વાયુ-મંડળમાં, પાર વિનાનાં નાનાં મોટાં પ્રલોભનોમાં પણ માનસિક સમતુલાને સાચવી શકાય છે અને અલિપ્ત રહેવાય છે. મહાત્મા ગાંધીજી નિરંતર કાર્યરત રહેતા, તોપણ પ્રાર્થનાને છોડતા નહિ. એ કહેતા કે હું અન્ન ને જળ વિના જીવી શકું, પરંતુ પ્રાર્થના વિના ના જીવી શકું. પ્રાર્થનાથી એમને મોટી મદદ મળતી. સવારે ને સાંજે બંને વખત એ નિયમિત રીતે પ્રાર્થનાનો આધાર લેતા.

યોગીઓ પર્વતોની ગુફામાં બેસીને જે પરમાત્માનું ધ્યાન ધરે છે તે પરમાત્માની સાથે એમણે સંસારમાં, વસ્તીની વચ્ચે વસી તથા વિચરીને તાર જોડયો. તેઓ કહેતા કે જ્યારે પણ હું મૂંઝાઉં છું, કિં કર્તવ્યમૂઢ કે બેચેન બનું છું ત્યારે ગીતા માતાનો અથવા પ્રાર્થનાનો આધાર લઉં છું. તે સારો વ્યાપાર નિષ્ફળ નથી જતો. મને પ્રત્યેક વખતે પ્રેરણા, પ્રકાશ કે માર્ગદર્શન મળે છે.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ,દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ.જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી.શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં.૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ.જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા.૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા.૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| રામ–રહીમ અને કબીરવાણી | ઈશ્વરભાઈ પ્ર. પટેલ (પરમાર્થી) | ૧૨ |
| પૂ. મા સર્વેશ્વરીના જન્મદિનની ઉજવણી | તંત્રી, અધ્યાત્મ | ૧૮ |
| પારસમણિ | ડો. રણજિત પટેલ (અનામી) | ૨૪ |
| તે પામે | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ) | ૨૫ |
| બક્ષિસ ઈશની | કિસ્મત કુરેશી | ૨૬ |
| સ્વામી શ્રી રામતીર્થ | કમલ સુથાર | ૨૭ |
| ચાલો આપણે આપણી જીવનતસ્વીર સુંદર બનાવીએ | અતિસુખલાલ એન. શેઠ | ૩૧ |
| પૂ. મા શ્રી સર્વેશ્વરી વિષેના વ્યક્તિગત પ્રેરણાદાયી પ્રસંગો લખી મોકલો | શ્રી વિજયભાઈ પુરોહિત | ૩૭ |
| સંત અને મહાપુરુષના જીવનના પ્રેરક પ્રસંગો | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૩૯ |
| ઈશ્વરોપાસના | અંબાલાલ બ. પટેલ | ૫૦ |
| અશક્યને શક્ય બનાવ્યું | મિત્રેશ જી. અગ્નિહોત્રી | ૫૬ |
| વિચાર મૌતિકો | યોગેશ્વરજી | ૫૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૪ ડીસેમ્બર–૧૯૯૨ અંક : ૩

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૩૧–૧–૮૧, પોષ વદ એકાદશી, ૨૦૩૭, શનિવાર**
**સ્થળ : વડોદરાથી અમદાવાદ.**

સવારે સૂચના મુજબ બહાર દૂધ વગેરે મુકાય છે. આજે થોડા જલ્દી કામમાંથી નિવૃત્ત થઈ જવાય છે. દૂધ પીતાં પહેલાં સામાન વ્યવસ્થિત થઈ જાય છે. આજે અમદાવાદ જવાનું છે, જેથી નવ પહેલાં નીચે ઉતરીએ છીએ. નીચે વડોદરાના આઠ–નવ ભાવિક ભાઈબહેનો સહિત યજમાન કુટુંબ ફૂલહારથી વિદાય આપે છે. આજે ડાકોર જવાની પણ ઈચ્છા છે. એની પાછળ બે કારણોએ ભાગ ભજવ્યો. અમારા યજમાન શ્રીજીતુભાઈની ધંધાકીય ગૂંચ ઉકલી જતાં તેઓ ડાકોર જવાનું ઈચ્છતા હતા, અને યજમાનની એ ઈચ્છાને જાણ્યા બાદ પૂ. શ્રીએ પણ માતાજી

જ્યારે વડોદરા આવેલાં ત્યારે ડાકોર જવાની એમની ઇચ્છા હતી તેની જાણ કરી. પરિણામે આજે ડાકોર જવાનું બન્યું.

ડાકોર પહોંચતાં જ સાડા દશ થઇ ગયા. સાડા અગિયારે રાજભોગનાં દર્શનની રાહ જોવી પડે એમ હતું. પૂ. શ્રી તો કહેવા લાગ્યા : અમે હમણાં ઉત્તરની યાત્રાએ ગયા તો એકલિંગજી મહાદેવમાં સાંજે દર્શન થાય ને અમે પહોંચ્યા સવારે. એટલે મંદિરમાં બહાર ફરીને આગળ ચાલ્યા. ભગવાને આપણે આવ્યા છીએ તો જાણી લીધું પછી મંદિરમાં જઇએ કે ના જઇએ તો પણ ચાલે, એ ભાવાર્થ હતો. પણ અહીં આવ્યા છીએ તો દર્શન તો કરીએ જ, એવો ભાવ હતો જેથી દર્શનપાસ મેળવીને સૌએ દર્શન કર્યાં. પૂ. શ્રી તો અંદર પણ ન આવ્યા. બહાર બાંકડા ઉપર શાંતિથી બેઠા.

ડાકોરથી નડિયાદ ૨૫ કિલોમીટર આવ્યા. નડિયાદથી દૂર હરિઃ ૐ આશ્રમ આવેલો છે. તો ત્યાં જવાની મારી ખાસ ઇચ્છા હતી. પરિણામે અમે પૂ. શ્રી મોટાનો એ પવિત્ર હરિઃ ૐ આશ્રમ જોવા ગયાં.

આશ્રમના સંચાલક ભાઇએ અમને સમજણ આપી. મૌન-મંદિરની બારીની પણ સમજ આપી. બે–ત્રણ પુસ્તકો લીધાં. પૂ. શ્રી આશ્રમમાં ન આવ્યા. કોઇપણ જાણીતું કે સામાન્ય સ્થાન હોય પણ પૂ. શ્રી પોતાની ઇચ્છા હોય તો જ આવે, નહીંતર બહાર ઉભા રહે. એ વાતથી અમે દક્ષિણ, ઉત્તર ને પૂર્વની યાત્રાથી વાકેફ થઇ ગયા હતા એટલે અમને આથી બહુ નવાઇ ના લાગી.

હરિઃ ૐ આશ્રમ જોઇને અમે અમદાવાદ તરફ પ્રયાણ કર્યું. અને બે વાગ્યા પછી અમે અમારા જાણીતા ઉતારે નારણપુરા



પહોંચી ગયાં. થોડીક વાર વાતો કરી પછી એકાદશીને અનુકૂળ અલ્પાહાર લીધો. પછી આરામ કર્યો.

સાંજે છ વાગ્યે મુલાકાતીઓ આવે છે. સૌપ્રથમ સતીશભાઇ ભક્ત આવે છે. પૂ. શ્રીને બરોબર યાદ હતું. પૂ. શ્રીએ એમની તબિયતના સમાચાર પૂછ્યા ત્યારે મને નવાઇ લાગી. ત્યારબાદ સૌ સાથે થોડી વાતો કરી. શ્રી વિજયભાઇ રાણાને વડોદરાની વાતો કરવાનું કહ્યું, જેથી એમણે ટૂંકમાં એ અહેવાલ આપ્યો. પછી પ્રશ્નો પૂછવાની સૂચના થઇ.

**પ્રશ્ન :** જે માળાથી જપ કરીએ તે પહેરી શકાય ખરી?

**પૂ. શ્રી :** પહેરી શકાય, વાંધો નથી, પણ તે ઘરેણાં તરીકે નહીં. ઘણાં કપડાની બહાર ખાસ રાખે છે. પણ પહેરો જ તો પૂજ્યભાવે, આદરભાવે પહેરો. એ પહેરો છો એની પાછળની ભાવના મહત્ત્વની છે. કાઢો ત્યારે તે અપવિત્ર ન થાય. વાળ વગેરેને સ્પર્શ ન કરે એ પણ જોવું જરૂરી છે.

**પ્રશ્ન :** રુદ્રાક્ષની માળાનું શું મહત્ત્વ?

**પૂ. શ્રી :** રુદ્ર શંકરનું નામ છે. રુદ્રની આંખ–રુદ્રાક્ષની માળા ઔષધિ તરીકે વાપરે છે. એનાથી કદાચ મનને શાંતિ મળતી હશે, પણ સામાન્ય રીતે મનના બોજાથી જ બધા રોગો થાય છે. પણ લોકો એક વાક્ય જ યાદ રાખે–"કાંઇ નહીં" તો એનાથી ઘણા વ્યાધિઓમાંથી બચી જવાય છે. કોઇ કંઇ બોલી જાય, અજૂગતું કરી જાય. ન ગમે તેવા સમાચાર મળે, "તો કાંઇ નહીં"–એમ મનને મનાવી લો. તો આપોઆપ શાંતિ મળશે. "એ કાંઇ નહીં" સત્સંગમાંથી મળે છે. એટલે મન સારું હોય તો રુદ્રાક્ષની જરૂર જ નથી. મનની શાંતિ આ બધા રુદ્રાક્ષોને માથે, ગળે, કાને, હાથે, બાંધવાથી માત્ર કામચલાઉ મળે છે. મનની

બધું અનિવાર્ય નથી. અનિવાર્ય તો ભાવ જ છે. ધૂપદીપ નથી. તમને એવું કરવાથી પ્રેરણા મળતી હોય વાતાવરણ સાત્ત્વિક બને એવું લાગતું હોય તો કરો.

અને આવા પ્રશ્નો બધાને પૂછવા નહીં. બધા જ જુદા જુદા જવાબ આપે, પૂછવું પડે ને પૂછવા જેવું લાગે તો જ પૂછો. નહીં તો બધાની અંદર જેમ આત્મારૂપે ગુરુદેવ રહેલા છે તેમ તમારી અંદર પણ છે જ, તો તે જ તમને અંદરથી સૂઝાડશે. "આમ કરો ને આમ ના કરો."

મને ધૂપદીપ, ફૂલ પણ ધરવાનાં ગમતાં જ નથી. મેં મારા જીવનમાં એ કર્યું જ નથી, મને જે, જરૂરી અને યોગ્ય લાગે તે ને તેટલું જ કરું છું. બધાંને પૂછ્યું પણ નહીં. કોઇ શું કરે તે મહત્ત્વનું નથી, આપણે માટે શું સારું છે તે મહત્ત્વનું છે. દરેકની ભૂમિકા ઉપર તે આધારિત છે. તમને રૂચિકર લાગે તો કરવું.

**પ્રશ્ન :** સંતપુરુષો ભક્તોનાં દુઃખો લે છે તો ભક્તને સત્સંગનો લાભ અટકતો નથી ને?

**પૂ. શ્રી :** સંતપુરુષ ભક્તનાં દુઃખ લે એવું આપણે ન ઇચ્છવું, આપણે જ આપણાં દુઃખો ભોગવવાં. કર્મના ફળ આપણે જ ભોગવીએ. અને સંતપુરુષ, ભક્તના સત્સંગ માટે દુઃખ લે તો ભક્તનો સત્સંગ તો અટકતો નથી. મંદિરમાં જાઓ છો તો મૂર્તિ બોલતી નથી. ચોપાઇ કે સાયરી બોલતી નથી, છતાં ત્યાં શાંતિ, પ્રેરણા, આનંદ એના દર્શનમાત્રથી મળે છે, પવિત્રતા આવે છે. તો સત્‌નો સંગ જે દ્વારા થાય તે સત્સંગ. સંતો માંદા પડે કે એક જ સ્થળે રહે તો પણ સત્સંગ તો થાય જ છે. ૫, ૨૫ કે હજાર ભેગા થાય ને સત્સંગ થાય તે જ સત્સંગ એવું નથી.



એક માણસ સવારથી જ પોતાનું માથુ દુઃખે તેની બૂમો પાડવી શરૂ કરે છે. બીજો માણસ પોતાને અસહ્ય તાવ હોવા છતાં કોઇ કહે તો પોતે જવાબ આપે કે, હોય એ તો મટી જશે, એમાં શું!

એમ સંતો માંદા પડે તો પણ તેમની પાસે ઘણું જાણવાનું, શીખવાનું મળે. અસહ્ય માંદગીમાં પણ સંત શાંતિથી સહન કરી, સતત પ્રભુમાં મન રાખે, તો તે શીખવા જેવું હોય છે. સંતો અને સામાન્ય માનવમાં આજ ફેર છે.

પથારીમાં સૂતેલા સંત પાસેથી પણ શીખવું હોય તો શીખી શકાય અને ન જ શીખવું હોય તો તમારી દૃષ્ટિ જ દોષદર્શી થઇ જાય. તમે ન શીખો, વિચારો કે સંત થયા ને વળી દુઃખ, માંદગી?

માંદગીમાં સૂતેલા સંત પાસેથી શીખવું જ હોય તો સ્વસ્થતા, સ્થિરતા, શાંતિ, દેહાધ્યાસ, ગમે તેવા દુઃખને હળવાશથી લેવાની રીત વગેરે શીખી શકાય.

તમારું મન જો બગડયું હશે, તો તમારું જીવન, વાણી પણ બગડે. પરિણામે નુકસાન બીજાને નહીં તમને જ થશે. કેન્સરનું દુઃખ પોતાને જ હોય, બીજાને શું, તેમ દોષદર્શન પણ કેન્સર જ છે. નયન અને દૃષ્ટિને પણ બદલે તે સંત.

પ્રશ્નોત્તર ચાલ્યા. ઘડિયાળ પણ ચાલી. સાડાબાર થયા જેથી સત્સંગ પૂર્ણ થયો. ભોજન બાદ આરામ.

વળી બપોરે ચારથી પાંચ થોડું લેખન પૂ. શ્રી કરે છે. આજે સત્સંગમાં પૂ. શ્રીએ ઝામ્બીયાના પ્રવાસની વાતો કરી.

સત્સંગ બાદ ઉતારા પર આવીને અલ્પાહાર બાદ આરામ.

હરિઃ ૐ (ક્રમશઃ)

# રામ-રહીમ અને કબીરવાણી

ઈશ્વરભાઈ પ્ર. પટેલ (પરમાર્થી)

રામ કોણ? રહીમ કોણ? હજારો વર્ષથી માનવ બની ખોજ કર્યા જ કરે છે. પ્રારંભકાળમાં વેદકાલીન ઋષિના મનમાં અનેક દેવોની કલ્પના હતી તેથી તેને પ્રશ્ન ઉદ્‌ભવેલો—**कस्मै देवाय हविषा विधेम**? અર્થાત્ આપણે કયા દેવની અર્ધ્યદ્વારા ઉપાસના કરીએ? આ પ્રશ્નનો જવાબ સદીઓ પછી ઉપનિષદ્‌ના ઋષિમુનિઓને મળ્યો—**एको देवः सर्वभूतेषु गूढः** અર્થાત્ દેવ તો એક જ છે અને તે સર્વપ્રાણીઓના અંતરાત્મામાં ગૂઢ રીતે નિવાસ કરે છે. ઋષિમુનિને આ સત્ય ધ્યાનના પ્રયોગો દ્વારા લાધ્યું હતું. આધુનિક વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનની જેમ તેઓને પણ આ સૃષ્ટિની પાછળ કોઈ મહાન શક્તિ રહેલી છે તેની ખાત્રી થઈ ગઈ હતી. તેથી તેવું સંશોધન કરવા તેઓ એકાંતમાં જઈ પોતાની જાત ઉપર ધ્યાનના અનેક પ્રકારે પ્રયોગો કર્યા કરતા. પરિણામે શરીરમાં રહેલા આત્મદેવનો તેઓને પરિચય થયો. તેમ શરીરની બહાર પણ વિશ્વચૈતન્યનો સાક્ષાત્ અનુભવ થયો. શરીરના આત્માનું સ્વરૂપ જેમ તેઓને અતિશય સૂક્ષ્માતિસૂક્ષ્મ જણાયું તેમ વિશ્વાત્મા અથવા વિશ્વચૈતન્યનું સ્વરૂપ પણ તેમને અતિશય વિરાટ અને મહાન લાગ્યું. બંને ચૈતન્ય તત્ત્વતઃ એક જ છે તેની ઝીણવટપૂર્વકની તપાસ કર્યા પછી વ્યાસમુનિએ ગીતામાં આખરી નિર્ણય આપ્યો—

ઈશ્વર સૌના હૃદયમાં અર્જુન વાસ કરે,
તેના બળથી કર્મ સૌ આ સંસાર કરે. (સરળગીતા—અ. ૧૨, ૬૧)



આ સર્વ હકીકતોની બૌદ્ધિક ચકાસણી જગદ્‌ગુરુ આદ્ય શંકરાચાર્યે કરીને મનીષાપંચકમાં જાહેર કર્યું કે ઈશ્વર—ગુરુ—આત્મા એક જ છે. તેથી આત્મા તે જ રામ ને રામ તે જ રહીમ!

ત્યાર પછી સંતપરંપરાએ પોતાની રીતે આ સત્યને જીવી બતાવ્યું અને અંધકાર યુગમાં પણ સંશોધનના કાર્યને ચાલુ રાખ્યું. સંતશિરોમણી કબીર સાહેબે પોતાની સ્વાનુભૂતિ રજૂ કરતાં કહ્યું—

દેહીમાંહે વિદેહ હૈ સાહેબ સુરતિ સ્વરૂપ,
અનંત લોકમેં રમિ રહા જા કે રંગ ન રૂપ!

તે જ સમયે ગુજરાતમાં નરસિંહ મહેતાએ ગાયું :

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,
જૂજવે રૂપે અનંત ભાસે!

આપણા યુગના કવિ કલાપિએ પણ તેમાં સૂર પૂરાવ્યો—

જ્યાં જ્યાં નજર મારી ઠરે,
યાદી ભરી ત્યાં આપની!

આ રીતે ધીર વીર મહાપુરુષોના જીવનમાં સંશોધનાત્મક નિષ્કર્મ પહેલેથી જ વણાતો આવ્યો છે. પણ તેઓની સંખ્યા ઘણી અલ્પ હતી. જો કે તેઓની તે સ્વાનુભૂતિ હતી. છતાં તેનો સ્વીકાર પાર્થિવ જગતના સ્વાર્થી લોકોએ પોતાની રીતે કર્યો. તે લોકોના મન ભેદવાદી હતાં. ભેદ પાડીને જ સર્વે ભોગો ભોગવવાની ટેવ પડી હતી. પોતાના ઘરમાં પણ તેઓ સખણા રહ્યા નથી. પિતાને બે પુત્રો હોય તો એક સારો ને બીજો ખરાબ! આવા ભેદવાદી વલણે ધર્મના પણ ભેદો પાડયા. સમય જતાં તેના પણ અનેક પેટા વિભાગો થયા. ઈશ્વરની વાતને પણ અવતારલીલાની મનોહર

કથામાં જોડી દઇ તેમાં ભેદોનું સર્જન કર્યું—વિષ્ણુ શ્રેષ્ઠ કારણકે સાત્ત્વિક, બ્રહ્મા રાજસિક અને મહાદેવ તામસિક!

તે જ રીતે મુસલમાનોથી પણ ન રહેવાયું એટલે રહીમને સાત્ત્વિક, આદમને રાજસિક અને મુહમ્મદને તામસદેવ ગણ્યા. આ ભેદવાદી વલણ ધીમે ધીમે ખુનામરકીમાં પરિણમ્યું ત્યારે કબીર સાહેબે નિર્ભીક રીતે ઘોષણા કરી પડકાર ફેંક્યો—

દુઇ જગદીશ કહાં તે આયા? કહુ કવને ભરમાયા?
અલ્લહ, રામ, કરીમા, કેશવ, હજરતિ નામ ધરાયા?

ભગવાન તો એક જ હતા અને છે. કોણ કહે છે બે? એ ભ્રમણા કોણે ફેલાવી? સૌમાં તો એક જ ચેતનાશક્તિ કાર્યરત છે! એક જ ધરતી પર સૌએ જન્મ ધારણ કર્યો છે! જન્મ લેવાની રીત પણ સૌની સરખી જ છે! સૌનો લોહીનો રંગ પણ એક જ છે! પછી કોણ હિન્દુ? કોણ મુસલમાન? કોણ રામ? કોણ રહીમ? ખરેખર તો વિશ્વમાં એક જ ધર્મ છે—માનવધર્મ. તેનો એક જ વિધાતા છે—રામ. પછી ભલે તેને કોઇ રહીમ કહે, રહેમાન કહે કે અલ્લાહ કહે! આપણે તો તે જ રામને, તે જ રહીમને વંદન કરીશું કે જે દેહમાં ને સકલ વિશ્વમાં સતત ધબકીને સર્વને હર પળે નવજીવન અર્પ્યા કરે છે!

("આકાશવાણીના સૌજન્યથી)

### કબીરવાણી

કબીરવાણી મહાન વટવૃક્ષ સમાન છે. તેની શીતળ છાયામાં ત્રિવિધ તાપોનું સ્હેજે શમન થઇ જાય છે. તેને આશરે કોઇ પણ વ્યક્તિ જઇ શકે છે. ત્યાં કોઇ જાતિપાંતિનું બંધન નથી. ત્યાં ગરીબ, તવંગર, અભણ, જ્ઞાની, નોકર, શેઠ સૌને પ્રેમથી આશરો



મળે છે. ત્યાં શ્રદ્ધા ને પ્રેમથી આશરો લેનાર પોતાની હારની બાજી જીતમાં ફેરવી શકે છે. પરંતુ ખરેખર તેને આશરે જનાર કેટલા? પહેલેથી જ આધ્યાત્મિક માર્ગ તો અગ્નિની જ્વાળા જેવો કઠીન ગણાયો છે. તેથી જનમાનસમાં ભયની લાગણી ઘર કરી બેઠી છે. તે કારણે લોકો અધ્યાત્મથી બાર હાથ દૂર જ રહેવા પ્રયત્ન કરે છે. લોકો ને સંતો વચ્ચે કદી અંતર ઘટયું જ નથી. પરિણામે મહાપુરુષોને ઓળખવામાં ને તેનો લાભ લેવામાં જગત પાછળ પડયું છે. કબીરવાણીમાં તે અંગે દર્દભરી સંવેદના અભિવ્યક્ત થઇ છે.—

સાંચ હિ કોઇ ન માનઇ, જૂઠા કે સંગ જાય,
જૂઠ હિ જૂઠા મિલિ રહા, અહમક ખેહા ખાય!

અર્થાત્ સંસારમાં સાચી વાત કોઇ માનતું જ નથી. બધાં જૂઠાના સાથીદારો છે. જૂઠાની સાથે જૂઠા મળીને ખરેખર મૂર્ખ લોકો સત્યને નામે ધૂળ જ ફાકી રહ્યા છે! શું આજે પણ એવો અનુભવ આપણે નથી કરતા? સારા માણસો જાહેર ક્ષેત્રોમાં ક્યાં છે? હોય તો કેટલા? શું જૂઠા માણસોનો પ્રભાવ વધારે નથી લાગતો? ખરેખર રોજિંદા જીવનમાં દરેક ક્ષેત્રે આજે પણ કબીરવાણીમાંથી પ્રાપ્ત થતું માર્ગદર્શન તેટલું જ ઉપયોગી છે, જેટલું છ સો વર્ષ પર હતું!

મહાત્મા ગાંધીજીને જેટલી વાર ગીતા વાંચતા તેટલી વાર નવો જ પ્રકાશ પ્રાપ્ત થતો. કબીરવાણી માટે પણ તેવું જ કહી શકાય. એટલું જ નહીં તે પ્રકાશ સર્વ માટે સરખો પ્રેરક પણ નીવડે છે. સાધનાની શરૂઆત કરનાર સાધકને તે જેટલી પ્રેરણારૂપ છે તેટલો જ સાધનાનાં ઉચ્ચ શિખરો સર કરનારને માટે છે. તેથી જ આજે કબીરવાણીનું સ્થાન વિશ્વના સાહિત્યમાં ઘણું ઉંચું

છે. અમેરિકાના અદ્યતન કવિ શ્રી રોબર્ટ બ્લાય તો એટલે સુધી કહે છે કે કબીરવાણી જેવી ઉત્કૃષ્ટ ને સરસ આધ્યાત્મિક કવિતા જગતમાં બીજે ક્યાંય નથી. તેની પ્રત્યેક પંક્તિમાં સ્વાનુભૂતિનો રણકાર છે. તેમાં સાહિત્યિક ગુણો તો ભરપેટ છે જ પરંતુ તેની વિશેષતા તો ગહનમાં ગહન વિષયને તદ્દન સરળ ભાષામાં સચોટ ને સરસ રીતે રજૂ કરવામાં છે :

લિખાલિખી કી હૈ નહીં, દેખા દેખી બાત,
દુલહા દુલહિન મિલ ગયે ફીકી પડી બરાત!

કોઇની લખેલી કે સાંભળેલી વાત કબીર સાહેબ કહેતા નથી. તેઓ તો 'દેખાદેખી' એટલે પોતે અનુભવેલી વાત કરે છે. મનુષ્ય-જીવનનો ઉદ્દેશ આતમરામ સાથે પ્રેમ કરવાનો છે. તે સિદ્ધ થઇ જાય તો પછી જગતની મોહિની ફીકી જ લાગશે. બહુ ઓછા શબ્દોમાં આત્મસાક્ષાત્કાર જેવી ગહન અનુભૂતિ કેટલી સરસ ને સચોટ રીતે આલેખી ગણાય!

ટૂંકમાં, આજે કબીરવાણી સૌનું આકર્ષણનું કેન્દ્ર બનતી જાય છે. તેમાં જીવનથી દૂર ભાગવાની કોઇ વાત જ નથી. તેમાં તો જીવનની નક્કર વાસ્તવિકતાનો જીવંત ધબકાર છે. એટલું જ નહીં પણ તેમાં કબીર સાહેબે અનુભવેલું શુદ્ધ સત્ય શાશ્વતીના તાણા-વાણા સાથે વણાય ગયેલું હોય તે રીતે આવિષ્કાર પામ્યું છે. તેમાં આપણી મર્યાદાઓનો ચિતાર છે, તો સાથે સાથે એથી ઉદ્ભવતા અને સૌને મૂંઝવતા અનેક પ્રશ્નોનું નિરાકરણ પણ છે. કોઇ પણ માનસિક સ્થિતિમાં કબીરવાણી પાસે જનારને સહાય મળ્યા વિના રહેતી નથી. નિરાશને આશાનું ઓજસ, આશાવાદીને તેજ, ધ્યેય તરફ ગતિ કરવાનું અનેરું બળ, વિરાગી થવા મથતાને વિરક્તિમાં સ્થિર થવાની શક્તિ, આનંદની મસ્તીમાં રાચનારને સમાધિ



સુખનો સોનેરી લ્હાવો અને માયામાં ગૂંચવાયેલાને માયાના કોઠા ભેદીને સાદ્યંત બહાર નીકળવાનો માર્ગ મળે છે. તેમાં વેદાંતનું નવનીત છે, બુદ્ધ ભગવાનના બોધનો સુંદર ઉદ્‌ઘોષ છે અને સૂફીવાદની અનન્ય પ્રેમની મધુર મસ્તી પણ છે.

("આકાશવાણી"ના સૌજન્યથી)

## એક અનોખા મૂક સેવકનાદ
## આકસ્મિક અલવિદા

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના પરિચયમાં આવનાર ભાગ્યે જ કોઇ એવા હશે જે શ્રી વિનોદભાઇ જોષી અને કૈલાસબેનના પરિવારથી અપરિચિત હોય.

આ વિનોદભાઇ અચાનક જ ડીસેમ્બર '૯૨ ના રોજ વહેલી સવારે હાર્ટએકના પરિણામે સ્વર્ગવાસી થયા. કૌટુમ્બિક લગ્નમાં પોતાના વતન ગયેલા, ત્યાં આ કરુણ ઘટના બની.

શ્રી વિનોદભાઇ એટલે એક મૂક નિષ્ઠાવાન સેવક. પ્રેમાળ અને શ્રદ્ધાવાન પણ એટલા જ. પૂ. ગુરુદેવ પૂ. મામાં અખૂટ શ્રદ્ધા. એમની આકસ્મિક વિદાયથી એમના પરિવાર પર મોટી આફત આવી ગઇ પ્રભુ એમના આત્માને શાન્તિ આપે અને પરિવારને આ આવી પડેલ દુઃખને સહેવાની શક્તિ અર્પે એ જ પ્રાર્થના.

શ્રી વિનોદભાઇનું સદાય સ્મિત વેરતું મુખ સાધકો માટે ભૂલાય તેમ નથી.

પૂ. મા સર્વેશ્વરીના

# જન્મદિનની ઉજવણી

તંત્રી, અધ્યાત્મ

આ વર્ષે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો તા. ૧૩ નવેમ્બરનો ઓગણપચાસમો જન્મદિન સહુ સાધકોએ ભેગા મળી અમદાવાદના આંગણે મધુરિકા હોલમાં સરસ રીતે ઉજવ્યો. ઉજવણીનું આયોજન સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી શ્રી બાબુભાઈ વોરાની દોરવણી નીચે અમદાવાદ અને બહારના સાધક ભાઈ-બહેનોના સહકારથી થયું.

આ પ્રસંગે પ. પૂ. યોગેશ્વરજીનું પાતંજલ યોગદર્શન ઉપરનું પ્રવચન ખૂબ જ બોધપ્રદ હતું. પ્રવચનનો વિષય હતો ચંચલ અને પ્રમાદી મનને સાધનામાં શી રીતે જોડવું?

તેઓએ જણાવ્યું કે માનવમાત્રની એ સમસ્યા છે કે વિષયાસક્ત મન ભટકતું અને ભટકાવતું રહે છે. તેનો સંયમ કરવો અઘરો છે. આમ છતાં ધીરજપૂર્વકના અભ્યાસ અને વૈરાગ્યથી તેને નાથી શકાય છે, પરમાત્મા અભિમુખ કરી શકાય છે, એમ ભગવાન કૃષ્ણએ ગીતામાં કહ્યું છે.

વળી જે અસંયમી છે, તેને માટે યોગ અઘરો નહિ, પણ અશક્ય છે, પરંતુ જેમનાં મન અને ઇન્દ્રિયો વશમાં છે તેમને માટે યોગ અઘરો નથી.

પ્રાકૃતિક પદાર્થો ઉપર વિજય મેળવવા અનેક લોકો પુરુષાર્થ કરે છે. તેના પરિણામે માનવ એવરેસ્ટ શિખર તેમ જ ચંદ્ર ઉપર



પોતાના પગલાં પાડવા સમર્થ બન્યો છે, પરંતુ દુન્યવી વિષયોને નગણ્ય ગણીને પોતાની અંદરના ને જાણવાની ઇચ્છા કોક વિરલને જ થાય છે. બહારના ગ્રહોને બદલે પોતાની જાતનો આ જે (Most Auspicious Planet) ખૂબ જ શુભ ગ્રહ તેને જાણવાની ઇચ્છા કરોડોમાં કોઈકને જ થતી જોવામાં આવે છે. આવા યોગીઓ બહુ થોડા હોય છે, પરંતુ તેઓ જે અનુભવ કરે છે, તેનાં જ શાસ્ત્રો લખાય છે. એથી રુદ્રાભિષેકમાં પેલા ઋષિએ સાચું જ કહ્યું છે કે વેદાહમેતમ પુરુષમ્ મહાન્તમ્ આદિત્ય વર્ણમ્ તમસઃ પરસ્તાત્। અંધકારથી પર અને સૂર્ય જેવા પ્રકાશિત તે મહાન પુરુષને હું જાણું છું. વર્ષોના એકધારા સાધનાત્મક અભ્યાસ પછી, આવા અનુભવો થાય છે. તે માટે ખૂબ લગન અને ધીરજથી મથવું પડે. સત્યનો સાક્ષાત્કાર માત્ર કોઈ એકનો અધિકાર કે ઈજારો નથી, પરંતુ તે માટે વિચાર કરી પ્રયત્ન કરવાની ઇચ્છા કોને થાય છે?

આ પ્રસંગે વિવિધ સાધકોએ પૂ. ગુરુદેવ અને પૂ. મા વિષે પોતાના મંતવ્યો રજુ કરતાં વક્તવ્યો આપ્યાં તેમાં શ્રી નારાયણભાઈ જાનીએ જણાવ્યું હતું કે આજના યુગમાં સાચા સંત કે મહાપુરુષને ઓળખવા ઘણા અઘરા છે, કારણ કે સાચા સંતની ઓળખ એક રીતે જ થઈ શકે કે કોઈ પણ પ્રવૃત્તિ કરતાં તેઓનું મન ક્યાં રહે છે? જો તે ભગવાનમાં કે તેનાં કાર્યોમાં રહેતું હોય તો તે સંત સાચા. પરંતુ આજનો સામાન્ય માણસ કોઈના મનને શી રીતે જાણવાનો? એવી શક્તિ તો કોઈ વિરલ ઈશ્વરદર્શી સંતમાં જ સંભવી શકે.

એટલે આપણે ભાગ્યશાળી છીએ પૂ. યોગેશ્વરજી જેવા એક મહાન સંતનો આપણને પરિચય થયો, જેમનુ જીવન ખુલ્લી કિતાબ

જેવું હતું. તેઓએ આપણને પૂ. મા જેવાં પરમ તપસ્વીનીની સાચી આધ્યાત્મિક ઓળખ કરાવી આપી. નહિ તો આપણે એમને ક્યાં શોધવા જવાના? અને કદાચ તેઓ મળે તોપણ એમની સાચી આધ્યાત્મિક ઓળખ શી રીતે થવાની? એટલે તેઓના સાચા વિભૂતિ—સ્વરૂપને ઓળખી તેમનો વધુમાં વધુ લાભ આત્મ-કલ્યાણ માટે લઈએ અને આપણું જીવન સાર્થક કરીએ, તો તેઓનો આપણી સાથેનો મેળાપ લાભદાયી ઠરે.

શ્રી ગોરધનભાઈ કલોલાએ કહ્યું કે પૂ. મા સાક્ષાત્ આપણને મળ્યાં છે ત્યારે એમના સાચા આંતરિક સ્વરૂપને ઓળખીએ, કારણ કે ભગવાન જ્યારે માતૃસ્વરૂપે પૃથ્વી પર આવે ત્યારે તેની તોલે બીજા કોઈ અવતારો આવી શકે નહિ. પૂ. માનો માતૃત્વભાવ કેટલો બધો વિકસિત છે તેના અણસાર આપણે પૂ. માના પૂ. ગુરુદેવ સાથેના એક પ્રસંગના વાર્તાલાપમાંથી મળે છે. પૂ. મા કહે, "તમે બાળક હોવ તેમ તમને રમાડયાં કરું એવો ભાવ અમને થયાં કરે છે."

પૂ. ગુરુદેવે તેઓના આવા ભાવના પ્રત્યુત્તરમાં કહ્યું, "તમારો માતૃભાવ એટલો બધો વિકાસ પામેલ છે કે તમારા ગુરુ પણ તમને બાળક ભાસે છે."

એટલે આપણે પણ પૂ. મા—મય થઈ જઈ તેઓના ખોળામાં સમાઈ જઈએ એટલે આપણી સાધના પૂરી. પછી જુઓ કે એ માની કૃપા કેવી અનરાધાર વરસે છે.

અંતમાં તેઓએ કહ્યું કે માનવ પોતાની માનો મહિમા તો શું ગાય? એ તો અનુભવનો વિષય છે. તેઓની દિવ્યતા શબ્દોમાં વર્ણવી શકાય એમ નથી. બાહ્યરૂપ પરથી પૂ. માની આંતરિક



શક્તિનો અંદાજ કદી આવી શકે તેમ નથી. એટલે એ માના ખોળામાં બાળક બની બેસી જઈ, એનું સાચું સુખ માણી લઈએ તો જીવન ધન્ય થઈ જાય, કારણકે પૂ. માની અવતાર લીલા આપણે શું સમજીએ? સાચું પૂછો તો પૂ. મા આપણને પૂ. ગુરુદેવ દ્વારા મળ્યાં એ જ આ અવનિનું મોટું આશ્ચર્ય છે.

શ્રી વિજયભાઈ પુરોહિત(બાપજી)એ પોતાના વક્તવ્યમાં કહ્યું કે છેલ્લા કેટલાક વખતથી અમને એમ થયાં કરે છે કે પૂ. માના જીવન પ્રસંગોનું સંકલન થાય તો સારું. તેથી તેઓની હયાતીમાં જ તેઓના જીવનકાર્યનો ગ્રંથ પ્રસિદ્ધિ પામે તો ઘણા બધા જીવો-ને એનો લાભ મળે. આ કાર્ય માટે પૂ. માની સંમતિ માગતાં મળી છે. એટલે અમારી સહુ સાધકોને વિનંતિ છે કે પૂ. માના વ્યક્તિ-ગત પ્રસંગોનું લેખન કરે તો એ પણ તેઓની સર્વોત્તમ સાધના બની રહેશે. તેના ઉપરથી ગ્રંથનું સંકલન પછી થઈ શકશે.

આપણે સહુ જાણીએ છીએ કે પૂ. માનું અવતરણ અનેક જીવોના કલ્યાણ માટે છે. અને આપણે એમને પોતાનાં માનીએ છીએ. એટલે અમે કહીએ છીએ કે એકવાર વિશ્વાસ મૂકીને એમનું શરણું સ્વીકારી તો લો. પછી જુઓ કે શક્તિ ન હોય ત્યારે તેઓ શક્તિ પૂરી પાડે છે કે નહિ.

પૂ. મા જ્યારે આપણને પ્રત્યક્ષ મળ્યાં છે તો એ પ્રત્યક્ષની ભક્તિ કરી લઈ જીવનની ધન્યતા માણી લઈએ. એ આપણે માટે મોટો અમુલખ અવસર છે.

શ્રી બાબુભાઈ વોરાએ કહ્યું કે આપણામાં પણ પૂ. માના સદ્‌ગુણો ઉતરે અને પરમાત્માને પ્રાપ્ત કરવા સાધનભજન કરીએ, તે જરૂરી છે. પૂ. મામાં તો શરૂથી જ અદ્‌ભુત ત્યાગવૃત્તિ

હતી, તેઓનું તપ પણ અનુપમ છે. તેઓના નિઃસ્વાર્થ પ્રેમની તો વાત જ થાય એમ નથી. એટલે પૂ. માનો આપણે સહુ વધુમાં વધુ લાભ લઇ, પ્રભુપંથે પગલાં ભરીએ. એ માટે નિયમો લઇ, તેમનું દૃઢપણે પાલન કરીએ.

આ ઉપરાંત શ્રીમતી કુન્દનબેન રાણા, શ્રી હરિભાઇ ભોજાણી, શ્રી મનીષકુમાર ઠાકર વગેરેએ પણ પ્રાસંગિક વક્તવ્યો રજુ કર્યાં હતાં.

પ્રારંભમાં શ્રીમતી કપિલાબેન શાહે પ્રાર્થના અને ભજન ગાયાં હતાં. તે પછી શ્રી નારાયણભાઇ જાનીએ સવારની બેઠકમાં અને શ્રી વિજયસિંહ રાણાએ બપોરની બેઠકમાં ધ્યાન કરાવ્યું હતું.

શ્રી વિજયભાઇ પુરોહિતે (પંડિતજી)એ પૂ. મા સર્વેસ્વરી તથા પૂ. ગુરુદેવનાં સ્વરૂપોનું શાસ્ત્રોક્ત ષોડશોપચારવિધિથી પૂજન કરાવ્યું હતું. શ્રી પ્રભુદાસભાઇ તન્ના અને તેઓનાં ધર્મપત્નીની આ વિધિ માટે પસંદગી કરવામાં આવી હતી. તેની સાથે સાધકોએ સમૂહમાં ૧૨૫ પ્રણામ કર્યાં હતાં. તેમ જ પૂ. ગુરુદેવ અને પૂ. માની બાવનીઓનું સમૂહગાન કર્યું હતું.

શ્રી પૂર્ણિમાબેન પટેલે સરસ ધૂન અને પૂ. માના જીવન ઉપરનો ગરબો રજુ કર્યો હતો જેને સાધકબહેનોએ સમૂહમાં ફરી ઝીલ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હરિભાઇ ભોજાણીએ સારી રીતે કર્યું હતું. શ્રી ચંદ્રકાન્તભાઇ પંડયાએ મંત્રલેખનનો અહેવાલ આપ્યો હતો તેમ જ તેનો વ્યાપ વધે તે માટે ખાસ પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

પૂ. માના પ્રાકટ્યદિનની ખુશાલીમાં ફ્રુટસેલાટ સાથેનું મિષ્ટભોજન સહુ સાધકોને પીરસવામાં આવ્યું હતું, જેનો સંપૂર્ણ



ખર્ચ શ્રી વિશ્વનાથભાઇ દવે અને તેમનાં ધર્મપત્ની તરફથી આપવામાં આવ્યો હતો.

શ્રી બાબુભાઇ વોરાએ આભારવિધિ કરતાં જણાવ્યું હતું કે પૂ. માનો જન્મદિન આપણે સમૂહમાં ન ઉજવીએ, તે ઉચિત ન લાગે. એટલે અમદાવાદના સાધક ભાઇબહેનોએ સામે ચાલીને આ કાર્યના ખર્ચને પહોંચી વળવા આર્થિક સહાય આપી છે, તે બદલ અમે તેમના આભારી છીએ. વળી આ કાર્યમાં મદદ કરનાર સહુનો તેઓએ વ્યક્તિગત આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમ સરસ રીતે અને સમયબદ્ધ રીતે પૂરો કરવા બદલ સૌ સાધકો વતી શ્રી વિજયસિંહ રાણાએ આભાર વ્યક્ત કર્યો હતો.

## ભાવનગર અને મુંબઇમાં પણ ઉજવણી

ભાવનગર તથા મુંબઇના ધ્યાન કેન્દ્રોએ પણ પૂ. મા શ્રી સર્વેશ્વરીના તા. ૧૩ નવેમ્બરના જન્મદિનની ઉજવણી સ્થાનિક રીતે, અમદાવાદના સમૂહ કાર્યક્રમની જેમ જ કરી. સરલ ગીતાનો પાઠ, વિષ્ણુસહસ્ર અને શિવમહિમ્ન સ્તોત્ર પાઠ તેમ જ પૂ. ગુરુદેવ અને પૂ. માની બાવનીઓ ઉપરાંત, ભજન અને ધૂન વગેરે કરીને ભાવનગરમાં તેમ જ મુંબઇમાં તે દિવસે શ્રી યોગેશ્વર લીલામૃતનો પાઠ સમૂહમાં કરવામાં આવ્યો હતો. ભાવનગરમાં પૂ. માના ભક્ત શ્રી ઘનશ્યામભાઇ દેસાઇએ પોતાના નવા મકાનમાં સાધકોને ભોજન પણ કરાવ્યું હતું.

મુંબઇમાં આ ઉપરાંત શ્રી મધુભાઇ ભટ્ટને ત્યાં હિંદુજા હોલના પૂ. મા શ્રી સર્વેશ્વરીના કાર્યક્રમની વિડિયો કેસેટ પણ બતાવવામાં આવી હતી.

## * પારસમણિ *

પારસમણિ એ તો પારસમણિ!
સન્તોની સંગત મેં તો અધિકી ગણી
પારસમણિ હો ભલેને પારસમણિ!
પારસમણિને સ્પર્શે આયસની કણી,
જોતજોતામાં સહજે કનકની બણી!
પારસમણિ એ તો પારસમણિ.
સન્તોની સંગતમાં સ્પર્શની ઉપાધિના;
સંગતે સંગતે સર્વે પારસમણિ
સંગત સંતોની મેં તો અધિકી ગણી
પારસમણિ ભલેને પારસમણિ.
પારસમણિ સ્પર્શે લોહની કનકકણી,
સન્તોની સંગત તો મારા પ્રભુની ભણી
સન્તોની સંગત મેં તો અધિકી ગણી,
પારસમણિ ભલેને હો પારસમણિ.
પારસ પીવાય નહીં, પારસ ખવાય નહીં,
અક્ષય–રસ–નદ સાધુ સંગત ઘણી
સંતોની સંગત કીધી પ્રભુતા ખણી
સંગત સન્તોની મેં તો અધિકી ગણી.
પારસમણિ હો ભલેને પારસમણિ.
પારસમણિને પાત્રે આખિર ભીખ માગવી
સાધુ–સંગત અહરાત્રે પ્રભુશિખ જાગવી
મનવાજી મોરા! ચલિયે શ્રેયસ્ ભણી
પારસમણિ ભલેને હો પારસમણિ.

ડો. રણજિત પટેલ (અનામી)



## * તે પામે *

( ગાન )

જે વેઠે તે પામે, તપની સૌરભ લાભે.
રિદ્ધિ પામે, સિદ્ધિ પામે, ભક્તિ તુજની પામે,
બુદ્ધિ સારી, શક્તિ ન્યારી, આશા–શ્રદ્ધા પામે–
નિર્બળતા એ વામે, જે વેઠે તે પામે.
આસ્થા અઢળક, આનંદ અઢળક, શાંતિ સારી પામે,
વિકાર સઘળા મનના ટાળી રાગદ્વેષને વામે–
જે વેઠે તે પામે, તપની સૌરભ લાભે.
ચેતના પામે, શાતા પામે, જીવન મોતી પામે,
ત્રિવિધ તાપ ઉપાધિ ટાળી ઘમંડને એ વામે–
જે વેઠે તે પામે, તપની સૌરભ લાભે.
પારસ દૃષ્ટિ, પારસ શક્તિ, પારસ બુદ્ધિ પામે,
સંયમ પામે, ક્રોધ નિવારે, દૂષણ સઘળાં વામે–
જે વેઠે તે પામે, તપની સૌરભ લાભે.
પુનિત થાયે, જ્યોતિ લાધે, સુખ ઉરમાં જો રાજે,
શુદ્ધિ શોભે, આતમ ઓપે, અમૃત રસને લાભે–
જે વેઠે તે પામે, તપની સૌરભ લાભે.
યોગેશ્વરની વાણી એ છે–જે વેઠે તે પામે,
ચિંતા વામે, દુગ્ધા વામે, દર્શન–મન હરખાયે–
જે વેઠે તે પામે, તપ અજવાળું પામે.

ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

## * બક્ષિસ ઈશની *

( ગઝલ )

સૌથી ઉત્તમ આ મનુષજીવન છે બક્ષિસ ઈશની,
મન–તરંગો ને હૃદય–સ્પંદન છે બક્ષિસ ઈશની.

આંખડીનાં નૂર, રસનાનાં વચન, અવિરત શ્વસન,
ગમ–વ્યથા, ઉલ્લાસ, ને ક્રંદન છે બક્ષિસ ઈશની.

છે નવાજિશ–કલ્પના, મેધા, પ્રતિભા, પ્રેરણા,
સિદ્ધિઓ, ને અમ કલા સર્જન છે બક્ષિસ ઈશની.

સદ્‌ગુણો, સદ્‌વૃત્તિવર્તન, ભક્તિ, પૂજન, અર્ચના,
લાગણી, પ્રીતિ, મનન, ચિંતન છે બક્ષિસ ઈશની.

પંગુતા કે પૂર્ણતા, રમણીયતા, કદરૂપતા,
બાળપણ, યૌવન, ને જર્જર તન છે બક્ષિસ ઈશની.

તેજવાયુ, અન્નજળ, ફળફૂલનાં અણખૂટ દાન,
કુદરતી સૌંદર્યના દર્શન છે બક્ષિસ ઈશની.

ઈશની ઋણી છે એની જિંદગાની જે બદલ,
રૂડું કિસ્મતનું કવન–ગુંજન છે બક્ષિસ ઈશની.

કિસ્મત કુરેશી.

○



# સ્વામી શ્રી રામતીર્થ

કમલ સુથાર

"હું ભારત છું. પૂર્વ ને પશ્ચિમ ભારત એ મારા બે હાથ છે. એ બંને હાથ પહોળા કરું છું કે સમગ્ર માનવજાતને ભેટું છું."

આવી દેશપ્રેમની વાણી નિર્ભીકપણે ઊચ્ચારનાર સ્વામી શ્રી-રામતીર્થનો જન્મ કારતક સુદ એકમ–નૂતનવર્ષના પ્રારંભે ઇ. સ. ૧૮૭૩ માં ઓક્ટોમ્બરની બાવીસમી તારીખે પંજાબના મુરલી-વાલા ગામમાં થયો હતો.

તેમના પિતાશ્રીનું નામ હતું હીરાનંદ ગોસ્વામી. તે આર્થિક ગરીબ પણ સંસ્કાર સમૃદ્ધ હતા. તેમનો સંસ્કાર વારસો બાળ-પણથી તીર્થરામને મળ્યો. સ્વામી રામતીર્થનું પૂર્વાશ્રમનું નામ તીર્થરામ હતું. તેમણે પ્રાથમિક શિક્ષણ ગામની શાળામાં મેળવ્યું. માધ્યમિક શિક્ષણ ગુજરાનવાલા ગામની હાઇસ્કૂલમાં લીધું. અહીંયાં પરમ આત્મજ્ઞાની–અનુભવી ધનરામ ભગતનું સાંનિધ્ય તેમને સાંપડયું. તેમને ધનરામ ભગતનો પરમ પ્રેમ મળ્યો. કૃપા મળી. તીર્થરામ તેમને ગુરુ માનતા. તેમના પ્રત્યે આદર શ્રદ્ધા રાખતા.

માધ્યમિક શિક્ષણ પૂરું કરી તીર્થરામ કોલેજ શિક્ષણ મેળવવા લાહોર ગયા. અહીંયાં તે સાદગીથી રહેતા. ખંતથી અભ્યાસ કરતા. પરિશ્રમી તો હતા જ. દૃઢ સંકલ્પ ને ઉદાત્ત ધ્યેય નિર્ધારિત હતું–પ્રભુપ્રાપ્તિનું. લૌકિક ભણતરમાં ખૂબ હોંશિયાર હતાં. પણ અંતરમાં વૈરાગ્યભાવ પ્રબળ રહેતો. નાનપણમાં બાળલગ્ન થયેલું. પણ

સંસારમાં મન લાગતું ન હતું. ધનારામ ભગતનો સહકાર પ્રોત્સાહન મળતું. તે ગમે તેવા વિકટ સંજોગોમાં પણ હિંમત ન હારતા. નિરાશ ન થતા. ગણિતમાં એમને ખૂબ રસ હતો. આ વિષય સાથે તેમણે ઇ. સ. ૧૮૯૩ માં બી. એ. ની પરીક્ષા પાસ કરી. આ પરીક્ષામાં તે સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા. ફરીથી સંસ્કૃત વિષય સાથે બી. એ. થયા. આ રીતે એમ. એ. ની પરીક્ષામાં પણ પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા. તે ખૂબ પ્રતિભાશાળી હતા. પ્રખર મેધાવી હતા. તેમની આવી યોગ્યતાને કારણે તે લાહોર કોલેજમાં ગણિતના પ્રોફેસર તરીકે નિમાયા.

તે પ્રખર વિદ્વાન હતા. વિષય નિષ્ણાત હતા. વિદ્યાર્થીઓને નિષ્ઠાપૂર્વક ભણાવતા. જ્ઞાની હતા એટલે આત્મીય વ્યવહાર કરતા. તે ગણિતની ભાષામાં વેદાન્ત સમજતા.

ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે તેમને અનન્ય શ્રદ્ધા હતી. શ્રીકૃષ્ણની નાનકડી મૂર્તિ હંમેશાં પાસે રાખતા. ભગવાન શ્રીકૃષ્ણનું નામ બોલતાં કે સાંભળતાં સમાધિસ્થ થઇ જતા. શ્રીકૃષ્ણ એમના ઇષ્ટદેવ હતા છતાંય અન્યધર્મો પ્રત્યે તે આદર અને સદ્‌ભાવ રાખતા. નાત–જાત કે સંપ્રદાયોના સંકુચિત ઘેરાઓમાં તે કદીય બંધાતા નહીં.

તે શ્રીકૃષ્ણ વિરહમાં વ્યાકુલ રહેતા. ઘણીવાર આક્રંદ કરતા. એકવાર એક મિત્રે કહેલું : તીર્થરામ, શ્રીકૃષ્ણ તમારા હૃદયમાં છે. બહાર શા માટે શોધો છો? અને તરત જ તેમણે શ્રીકૃષ્ણના દર્શનમાટે નખ વડે પોતાની છાતી ચીરી નાખેલી. આવી તીવ્ર અભીપ્સા હતી શ્રીકૃષ્ણ દર્શનની!



લાહોરમાં તે પરમ સંત સ્વામી વિવેકાનંદને મળેલા. દ્વારકા-પીઠના શ્રીજગદ્‌ગુરુ શંકરાચાર્યનો પણ તેમને ભેટો થયેલો. અને આ કારણે તે અદ્વૈત તરફ વળેલા. ઉપનિષદો ને વેદોનું અધ્યયન કર્યું. ઘણીવાર સમાધિસ્થ થઇ જતા. સંસારથી વિરક્તિ થઇ.

કોલેજની અધ્યાપકની નોકરી છોડી તે હરદ્વાર ગયા. ત્યાં હિમાલયની ગોદમાં વિચરતા. ગંગા કાંઠે પ્રભુસ્મરણમાં વિચરતા. આ સમયમાં તેમને આધ્યાત્મિક જગતની દિવ્ય અનુભૂતિઓ થવા લાગી. આ બાબતે તેમણે નોંધ્યું છે : "અંદર અનાહતનાદ સાંભળું છું. ને બહાર ગંગામાં તેનો પડઘો સાંભળું છું. રાજાઓ અને દેવોને પણ દુર્લભ એવું આ સ્વર્ગ છે... હું બહારથી જોઉં છું તો અણુંએ અણું બોલે છે તું જ! તું જ! અંદરથી જોઉં છું તો સાંભળું છું. હું જ! હું જ!"

હિમાલયના એકાન્ત વાતાવરણમાં તે પરમ આનંદમાં રહેતા. તે તીર્થોનું તીર્થ હતા. શાસ્ત્રોનો અભ્યાસ કરતા. અહીંયાં તેમણે સન્યાસ ગ્રહણ કર્યો. ને તે તીર્થરામમાંથી પરમ આદરણીય સ્વામી રામતીર્થ બન્યા.

તે પરમ આત્મજ્ઞાની બન્યા. પરમ નિર્ભય બન્યા. ગઢવાલ ટિહરીના મહારાજા તેમના શિષ્ય હતા. પરમ આદરથી તે તેમની સેવા કરતા. જાપાનમાં હિન્દુ વિશ્વ પરિષદ–ધર્મ પરિષદમાં હાજરી આપવા મહારાજાએ તેમને ત્યાં જવા માટેની વ્યવસ્થા કરી. પણ ત્યાં ગયા પછી પરિષદ મુલતવી રહી. એટલે તે અમેરિકા ગયા. તેમના પરમ ચેતનાના સ્ફૂલિંગો ત્યાં ચોમેર ફેલાયાં. તેમના આત્મીય વ્યવહાર અને પરમજ્ઞાનથી અમેરિકન યુવક–યુવતીઓ તેમની પાછળ ઘેલાં બન્યાં. અનેક સ્થળોએ તેમનાં પ્રવચનો ગોઠવાયાં. પ્રબુદ્ધ લોકો તેમનાથી પ્રભાવિત થયા. તેમને લોકો

પૂછતા : "તમે ઈશ્વરમાં માનો છો?" તે જવાબ આપતા–"હું સ્વયં ઈશ્વર છું. આત્માનો આત્મા પરમાત્મા છું." અમેરિકન લોકોનાં હૈયાં ઉપર તે છવાઈ ગયા. તે કહેતા–"ઈશ્વર નથી મીસ, નથી મિસ્ટર કે નથી મિસિસ. એ મિસ્ટરી–ગૂઢરહસ્ય છે." ઈશ્વર નથી હિન્દુ, નથી મુસલમાન કે નથી ખ્રિસ્તી. ફૂલમાં ખ્રિસ્તી કે મુસલમાન ફૂલ હોતાં નથી. તેમ હું પણ મનુષ્યમાં વર્ગ, વર્ણ કે ધર્મના ભેદ કરતો નથી. એટલે મારા ધર્મને કોઈ નામ નથી."– આવી હતી તેમની બિનસાંપ્રદાયિક ભાવના. માનવ–માનવની પરમ એકતાની ભાવના!

તેમની વાણી દિવ્ય હતી. તેજસ્વી હતી.

અમેરિકામાં એકવાર એક બાઈનો છોકરો મરી ગયો. બાઈ રડતી તેમની પાસે આવી. પુત્રસુખ માટે વિનંતી કરવા લાગી. પણ તેને માટે કીમત ચૂકવવવાની વાત થઈ. બાઈ તૈયાર હતી. પણ રામતીર્થ બોલ્યા. "રામના રાજ્યમાં ભૌતિક રૂપિયાનું ચલણ ન ચાલે બહેન. તારે રામનું ચલણ આપવું પડશે!" પેલી બાઈ સંમત થઈ એટલે તેમણે કહ્યું : "તો જા પેલા હબસી છોકરાને દત્તક લઈ લે. એને તારો પોતાનો જ દીકરો માનીને ઉછેર. આ રામનું ચલણ છે."

પોતાના આત્મતેજથી અમેરિકનોને ઘેલાં કરી આ મહાપુરુષ સ્વદેશ પાછા ફર્યા. તે હિમાલયમાં વશિષ્ટ ગુફામાં રહેતા. ઈ. સ. ૧૯૦૪ માં આ પરમ દેશપ્રેમી, માનવતાવાદી સમર્થ મેધાવી સંતે જળસમાધિ લીધી. તે બ્રહ્મલીન થયા. તે પોતાને રામબાદશાહ કહેતા. આ પરમ નિર્ભય સંતની વાણી આજેય સિંહની જેમ ગૂંજે છે : "આ એકનાં જ અનેક સ્વરૂપો છે. અજ્ઞાની લોકો જ જગતમાં કૂતરાંની જેમ ભસે છે."



### ચાલો આપણે આપણી

# જીવનતસ્વીર સુંદર બનાવીએ

અતિસુખલાલ એન. શેઠ

કલાગુરુએ પોતાના બંને શિષ્યોને સરખી સામગ્રી, સરખો સમય, અને એક સરખી જ સવલત આપી હતી. છતાંય એક શિષ્યે ભગવાન શ્રીકૃષ્ણનું એવું મનોહર ચિત્ર આલેખ્યું કે જોતાં વેંત કલાગુરુનું દીલ ડોલી ઉઠયું. બીજા શિષ્યનું ચિત્ર જોતાં જ દીલ નારાજ થઈ ગયું. "આ ચિત્ર કેવું દોર્યું છે?" શિષ્ય કહે, "ગુરુદેવ કાગળ સારો નહોતો, સારો રંગ નહોતો, પૂરતો સમય નહોતો." "આ તું કેવી વજુદ વગરની વાત કરે છે? "બંનેને સરખી સાધન સામગ્રી, સમય આપ્યો હતો." "ગુરુદેવ તસ્વીર બગડી છે એને હવે સુધારવાનો રસ્તો?" "તારા મિત્રની આ સુંદર તસ્વીર જ તારી તસ્વીરને સુંદર બનાવી શકે એમ છે." "એ કેવી રીતે?" "તું આ સુંદર તસ્વીરને તારી નજર સમક્ષ રાખ. એને જોઈને તારી તસ્વીરમાંના દોષો દૂર કરવા માંડ. પોતાની તસ્વીરને સુંદર બનાવવાની તમન્ના હશે તો તારી તસ્વીર પણ અધિક સુંદર બનાવી શકીશ." શિષ્યના મનમાં આ વાત બેસી ગઈ, અને એ રીતે તેણે પોતાની તસ્વીર અધિક સુંદર બનાવી.

કલાગુરુએ બંને શિષ્યોને સરખી સામગ્રી, સરખો સમય અને સરખી સવલત આપી હતી, એમ પરમકૃપાળુ પરમાત્માએ પણ સર્વ જીવને સરખી સંપત્તિ આપી છે. કોઈને કાંઈ ઓછુંવત્તું નહિ.

છતાં કોઇ સ્વર્ગ ખડું કરે છે અને કોઇ નર્ક ખડું કરે છે. પ્રભુએ આપણને કેવું સુંદર અને સ્વસ્થ શરીર, કેવું સુંદર ઘર ને કેવી સુંદર પ્રકૃતિ, આ બધી વસ્તુઓનો સુંદર સમન્વય થયેલો હોવા છતાંય, આપણે આપણી જીવન તસ્વીરને કેવી વિકૃત બનાવીએ છીએ! પ્રભુએ કેવાં સુંદર નયન આપ્યાં છે. જગતમાં એનો જોટો જડે નહિ. ખૂબ વિચાર કરતાં હૃદય ગદ્‌ગદ્ થઇ જશે. છતાં કેટલાક ઊંધી ખોપરીના પ્રભુએ આપેલી આ અણમોલ વસ્તુઓની કદર જ કરી શકતા નથી.

જે જીવન આપણે જીવીએ છીએ એવું જ મહાત્મા ગાંધી, ઈશુ, ભગવાન બુદ્ધ, જીવી ગયા. એમને જોશો તો એમનાં નયનોમાંથી અમીના ઝરણાં વહેતાં લાગશે. હૃદય જાણે પ્રેમથી ઉભરાતું હશે. જીવવાનો જે સમય એમને મળ્યો હતો, એટલો જ સમય બીજાને મળ્યો હતો, છતાંય એમની જીવન તસ્વીર આટલી ભવ્ય કેમ? એમની ભવ્યતાનું મૂળ સાધનામાં પડયું છે. એમણે પળેપળની જાગૃતિ રાખીને કથીર જેવા જીવનને કંચન બનાવ્યું. સાધનાથી જીવન ભવ્ય બને છે. આયનામાં જોઇને જેમ આપણે મુખપરના ડાઘ દૂર કરીએ છીએ, તેમ જીવન–આયનામાં જોઇને રોજિંદા જીવનમાં પ્રવેશેલા દોષોને દૂર કરતા રહીશું તો જીવન સુંદર બનશે.

જીવનને નિર્વિકાર બનાવવાની એક ગુરુચાવી બતાવું. આપણું જીવન સમાજની સાથે સંકળાયેલું છે. 'જ્યાં જઇશું ત્યાં સમાજ તો હશે જ. ભગવાં પહેરી લઇશું તોય સમાજથી છૂટાવાનું નથી. જ્યાં સુધી આ ખોળિયામાં પ્રાણ છે ત્યાં સુધી સમાજ સાથે સંબંધ તો રાખવો જ પડશે. સંસાર એ લપસણી ભૂમિ છે. સાવધાની ન રાખનાર ક્યાંક ને ક્યાંક લપસી પડે છે. એટલા માટે



સ્વસ્થતાથી એ વિચાર કરવો જોઇએ કે ક્યારે ક્યાં અને કયો વિકાર કયા રૂપમાં આપણને વ્યથિત કરી રહ્યો છે? વિકારનું દર્શન કરવું એ વિકારને જીતવાની પ્રથમ ક્રિયા છે. આપણે પહેલાં મનના વિકારોને ઓળખવા જોઇએ. કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર એ સર્વે દુર્ગુણો વિકાર છે. આ દુર્ગુણો જ આપણી જીવન તસ્વીરને વિકૃત બનાવવામાં મોટો ભાગ ભજવે છે. માટે પ્રતિપળે, પ્રતિક્ષણે, આંતરદર્શન કરી કરીને જ આ દુર્ગુણોને દૂર કરવા જોઇએ.

દિનબંધુ એન્ડ્રુઝના મેજ ઉપર એક વાક્ય કાયમ લખેલું રહેતું. "એમાં મારી શી મહત્તા?" એક ભાઇએ એન્ડ્રુઝને આનો અર્થ પૂછ્યો. એમણે કહ્યું, "જ્યારે જ્યારે મારા જીવનમાં કોઇ પ્રલોભનનો કે પતનનો સમય આવે છે ત્યારે હું મારી જાતને આ સવાલ પૂછું છું. એમાં મારી શી મહત્તા?" ધારો કે મારા ઉપર કાંઇ ખોટા આક્ષેપો મૂકે છે, ગાળોની ઝડી વરસાવે છે, ત્યારે સ્વભાવિક રીતે એને જડબાતોડ જવાબ આપવાનું મન થઇ જાય છે. ગાળની સામે ગાળ, પત્થરની સામે પત્થર એ માનવનો સહજ સ્વભાવ છે. દરેક સામાન્ય માણસ આવું આચરણ કરતો હોય છે, પણ મારે તો અનેરી મહત્તા પ્રાપ્ત કરવી છે. સામાન્ય માણસની માફક વર્તન કરું તો મારામાં અને સામાન્ય માણસમાં ફેર શું? એમાં મારી મહત્તા શી?"

દ્વેષનો જવાબ દ્વેષથી વાળવામાં મહત્તા નથી, પરંતુ પ્રેમથી વાળવામાં મહત્તા છે. કડવાશને મિઠાસથી ધોવામાં મહત્તા છે. બુરાઇનો બદલો ભલાઇથી આપવામાં છે. વિષ આપનારને અમૃત આપવામાં છે. મહર્ષિ દયાનંદને તેમના રસોઇયાએ ખોરાકમાં ઝેર

આપ્યું. દયાનંદ જાણી ગયા. તરત જ પાસે બોલાવ્યો અને કહ્યું, “લે, આ પૈસા. અહીંથી દૂર દૂર ચાલ્યો જા. લોકો જાણશે કે તેં મને ઝેર આપ્યું છે, તો તને જીવતો નહિ રહેવા દે.” મહર્ષિની આ મહત્તા હતી. શસ્ત્રો લઈને યુદ્ધ મોરચે લડવું સહેલું છે, પણ જાત સામે લડવું એ ખરું યુદ્ધ છે. હજરત અલીએ સાચું જ કહ્યું છે કે પોતાની વાસના સાથે લડવું, પ્રલોભન સામે ઝઝૂમવું, એ કપરું યુદ્ધ છે. કોઈ વીરલા જ એમાં વિજય મેળવે છે.

અપશબ્દ એ વાણીનું દૂષણ છે. એને જ્યાં સુધી વાણીમાંથી દૂર ન કરીએ ત્યાં સુધી વાણી શોભે કેમ? કુદૃષ્ટિ એ આંખનું દૂષણ છે. ક્રોધ, હિંસા, દ્વેષ એ સ્વભાવનાં દૂષણ છે. આ બધાંને દૂર કરીએ તો ભૂષણરૂપ બનીયે. આ દૂષણો કાંઈ એકદ્વારથી પ્રવેશ કરતાં નથી. મનમંદિરનાં દશે દ્વારમાંથી એ પ્રવેશ કરે છે. ક્યારે, કયા સમયે અને કયા દ્વારથી એ પ્રવેશ કરશે, એની કોઈને ગમ પડતી નથી. એને માટે મહા તપ, જાગૃતિ જોઈએ. પ્રતિપળ અને પ્રતિક્ષણ સાવધાન રહેવું પડે. ખૂબ જ સાવધાનીપૂર્વક એક એક ડગ માંડીએ ત્યારે જ દૂષણોને તન મંદિરમા પ્રવેશતાં અટકાવી શકાય. દરેક મહાપુરુષોનાં જીવન તપાસો તો સાવધાની, લગની, તલસાટ અને સાતત્ય વિના, સાધનાના માર્ગપર અગ્રેસર થવાતું નથી. વિકારોનું, પ્રલોભનોનું, દૂષણોનું દર્શન કરવું, એને ઓળખવા એ એમને જીતવા એ પ્રથમ પ્રક્રિયા છે. એમ એમની પકડમાં આવીને તણાવું નહિ, તેમને કોઈપણ પ્રકારે પોતાના ઉપર સવાર થવા ન દેવા, એ એમને જીતવાની બીજી પ્રક્રિયા છે. કામ, ક્રોધ, લોભ એ બધું અંદરથી જ આવે છે. પાણીને તળિયે કચરો ઉપર ન આવે તો જાણવું કે પાણી ચોક્ખું છે. એમ મનને ચલાયમાન થાય એવા પ્રસંગો ઉપસ્થિત થાય, છતાં મન



ચલાયમાન ન થાય ત્યારે સમજવું કે મન શુદ્ધ છે. મનના ઉંડાણમાંથી વાસનાનો કચરો એક બે દિવસમાં નહિ નીકળે. એના માટે સખ્ત પ્રયત્ન કરવો જોઈશે. મન શુદ્ધિ વિના નિર્વિકાર થવાની સાધના શક્ય નથી.

વિકારોના આક્રમણોનો સામનો કરવા વિરોધી સદ્‌ગુણોનો અભ્યાસ કરવો. ક્રોધની સામે ક્ષમા, ધૃણા અને દ્વેષ સામે સ્નેહ અને પ્રેમ, લોભ સામે ઉદારતા અને ત્યાગ, એ ગુણોનો વિકાસ કરવો જોઈએ. દરરોજના અભ્યાસથી ઉપર મુજબ અમલ કરીએ તો દુર્ગુણો નાશે. એક પ્રસિદ્ધ લેખક અને વક્તા હતો. એને એમ થયું કે મારામાં અમુક ગુણોની કમી છે. ખૂબ વિચાર કરીને એક કાર્યક્રમ બનાવી અમલમાં મૂક્યો. જ્યારે જગત જંપી જતું ત્યારે તે એકાંત ઓરડામાં બેસતો. પાંચ આદર્શ પુરુષોની સુંદર મૂર્તિઓ સમક્ષ રાખીને તે કલ્પનાના લોકમાં વિહરતો. લિંકનની મૂર્તિ પર મન એકાગ્ર કરીને મનોમન બોલતો “મિ. લિંકન આપનામાં અદ્‌ભુત સહનશક્તિ હતી. માનવ માત્ર પ્રત્યે અપૂર્વ ઉદારતા હતી. સાથે સાથે રસિકતાની પણ ભાવના હતી, હું મારા મનોરાજ્યમાં આપના આ સદ્‌ગુણો વિકાસ કરવા માંગું છું. જ્યાં સુધી આપના આ સદ્‌ગુણોને આત્મસાત નહિ કરું ત્યાં સુધી જંપીશ નહિ.”

એ રીતે વૉશિંગટનને કહેતો “આપનામાં દેશભક્તિ, આત્મ-ત્યાગ અને નેતૃત્વના જે અદ્‌ભુત ગુણ હતા એનો હું મારામાં વિકાસ કરવા ઈચ્છું છું.” એ રીતે ગમે તે પુરુષોના સદ્‌ગુણો તથા શક્તિનો વિચાર કરી શકાય. આ પ્રમાણે વરસો સુધી પેલો લેખક આદર્શ પુરુષો સાથે કલ્પના લોકમાં વિહરતો રહ્યો. જ્યારે જ્યારે પ્રસંગ આવ્યો ત્યારે એ પ્રમાણે વર્તતો ગયો. એક દિવસ એણે જોયું કે એના વ્યક્તિત્વમાં મહાપુરુષોના અદ્‌ભુત ગુણો

સારા પ્રમાણમાં વિકસિત થઇ ગયા હતા. આપણી પાસે કોઇ વસ્તુ ન હોય અને તેની આપણને ખૂબ જ જરૂર હોય અને કોઇ વ્યક્તિ પાસે તે વિપુલ પ્રમાણમાં હોય, તો તેની પાસે વિવેકપૂર્વક તે માંગવામાં આવે તો જરૂર મળે. મહાપુરુષો સદ્‌ગુણના ભંડાર છે. એમની પાસે સદ્‌ગુણની યાચના કરીશું તો કાંઇ ના નહિ પાડે. હા, આપણામાં તે ગ્રહણ કરવાની તમન્ના જોઇશે. સુલેમાને ભગવાન પાસે કરુણાનો એક અંશ માંગ્યો તથા સત્યમાં પ્રીતિ રહે, ક્ષમા ગુણના વિકાસની તથા શાન્તિની માંગણી કરી હતી.

આ પ્રમાણે આપણે પણ ગુરુદેવ પાસે આપણામાં જે સદ્‌ગુણોની ઉણપ હોય તે માંગી શકીએ. માગી તો જુઓ. એ જરૂરથી મળશે, અને આપણે આપણી તસ્વીર સુંદર બનાવી શકીશું.

O

## સદ્‌ભાવભરી સહાય

અધ્યાત્મ માસિકને વાંચકો તથા પૂ. ગુરુદેવ અને પૂ. મા શ્રી સર્વેશ્વરીના ભક્તો તરફથી સદ્‌ભાવભરી સહાય મળતી રહે છે, તેનો સાચો યશ તો પ્રભુને જ છે. છેલ્લા એક માસમાં મળેલી આવી સહાયનો આંકડો રૂા. ૧૯૬૨/– નો થવા જાય છે. સહુ નામી–અનામી દાતા-ઓને અભિનંદન અને અંતરના આશીષ.

— તંત્રી



પૂ. મા શ્રી સર્વેશ્વરી વિષેના વ્યક્તિગત

# પ્રેરણાદાયી પ્રસંગો લખી મોકલો

શ્રી વિજયભાઇ પુરોહિત (બાપજી)

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી કે જેઓશ્રીનું જીવન જોતાં સમજાય છે કે તેઓશ્રીનું પ્રાકટ્ય આ અવનિપર જીવોના કલ્યાણઅર્થે જ થયું છે. પ. પૂ. માના સંસર્ગમાં આવનાર સહજરીતે જ પોતાની યોગ્યતાનુસાર આ વાત અનુભવે છે. આપણે મા ભગવતીના આ પ્રકટ સ્વરૂપના સાન્નિધ્યમાં આનંદ, શાંતિ, પ્રેમ, દિવ્યતા, માણ્યાં છે. એમની શક્તિથી આધ્યાત્મિક વિકાસ કરવા શક્તિમાન બન્યા છીએ.

પ. પૂ. મા માતૃત્વ ભાવથી છલેલા વાત્સલ્યની તો લ્હાણ કરવામાં જાણે વિરાટ વિશ્વંભરી છે. માતૃત્વના સર્વોત્તમ વિકાસનું આ પૃથ્વીપટ પરનું અભૂતપૂર્વ પ્રાકટ્ય લાગે છે. જીવ, જંતુ, પશુ, પક્ષી, દાનવ, માનવ, દેવ, સંત, ભગવંત સૌનાય માટે માતૃત્વનો સાગર ઉછળી રહ્યો છે. દુઃખોથી દબાયેલાં, મુસીબતોથી ઘેરાયેલાં, હિંમ્મત હારેલાને પૂ. મા નૂતન આશા, ઉત્સાહ અને બળધરી જીવન વિકાસના પંથે પ્રયાણ કરાવે છે. પ. પૂ. મા જે તે માનવને જે તે સમયે તેની જરુરત અને અનુકૂળતા પ્રમાણે સર્વપ્રકારે સહાયક બને છે. (પછી તે ભૌતિક અથવા આધ્યાત્મિક કોઇ પણ બાબત હોય.) યોગ્ય રીતે સહાય થાય તો જ પૂ. માને સંતોષ થાય છે. "એવાં પ. પૂ. માનું જીવન જનસમાજની થાપણ જેવું છે. આ અમૂલ્ય થાપણનો વધારે ને વધારે જીવોને લાભ મળે એ માટે

આપણે કષ્ટ વેઠીને પણ પ્રયત્ન કરવાનો છે. એ પ્રયત્ન હશે પૂ. માના મહિમાને જનસમાજ સુધી વધારે ને વધારે પહોંચાડવનો. એ માટે પૂ. માના સાન્નિધ્યે જે લોકોપયોગી આપણે અનુભવેલા જાણેલા ને માણેલા પ્રસંગોનું લેખન કરી પુસ્તકરૂપે જનસમાજને ધરવું. આ કામ વહેલામાં વહેલી તકે થાય તે આપણી નૈતિક ફરજ છે." "પ્રભુ યોગેશ્વરજીની પણ એ મહેચ્છા હતી કે પૂ. માનો લાભ સૌને વધારે ને વધારે મળે." એથી આપણે હવે વિલંબ કર્યા વિના આ સ્વ અને પરહિતના કામ માટે લેખન કરવા લાગી જઈએ. લેખો દરેક પ્રકારના લખી શકાશે–પૂ. માએ જરુરત સમયે સહાય કરી હોય, વાતો થઈ હોય. સુખદુઃખમાં હૂંફ આપી હોય. મનની વ્યથા વગર કહે જાણી હોય, દિવ્ય દર્શન થયાં હોય, સામાન્ય અને અસામાન્ય સર્વ પ્રકારની વાતો ટૂંકાણમાં લખી શકાય. પૂ. માએ આપને લખેલા પત્રો જો બીજાને ઉપયોગી થાય તેવા હોય તો તેની પણ એક નકલ લેખો સાથે મોકલી આપશો.

"લખવાથી પ. પૂ. માનું ધ્યાન થશે. આનંદ, પ્રેમભાવ પ્રકટશે. ભક્તિની સહજ સાધના થશે." સત્કર્મનું પુણ્ય મળશે.

આમ જનતાવતી પૂ. માના નાનામોટા ભક્તો, બાળકોને લેખનની તસ્દી લેવા પ્રાર્થના. "સાત્ત્વિક લેખન એ સર્વોત્તમ સાધના છે." મા સર્વેશ્વરી.

---

: લેખો મોકલવાનું સરનામું :

**શ્રી વિજયભાઈ પુરોહિત, (બાપજી)**

નીલકમલ સોસાયટી પાસે, બેચરપુરા, પાલનપુર.

જિ. બનાસકાંઠા ૩૮૫૦૦૨.



**સંત અને મહાપુરુષના જીવનના**

# પ્રેરક પ્રસંગો

---

સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

## (૧) સાઈબાબા

૧૯૩૭ ની સાલ હતી. ગણેશ યજ્ઞ ચાલુ હતો. રાતની આરતી પછી બ્રાહ્મણો અન્નપૂર્ણા ઘરમાં મોદક બનાવી રહ્યા હતા. શ્રી વસંત શાસ્ત્રી સ્ટવ ઉપર કઢાઈ મૂકી પાંચસો મોદકનો ઘાણ કાઢતા હતા. અકસ્માત ઊકળતા ઘીમાં મોદક નાંખતાં જ કઢાઈ તેમના શરીર ઉપર ઊથલી પડી. પ્રહ્લાદકાકાએ બૂમ પાડી. "અરે, છોકરો મર્યો."

તરત જ શાસ્ત્રી બુવા ઊભા થઈ શરીર ઉપર પડેલાં મોદક તથા ઘી ખંખેરવા લાગ્યા. ડૉ. કેસ્કરે તેમની તપાસ કરી. પરંતુ શરીર ઉપર એક પણ ફોલ્લો કે દાઝયાનું કાંઈ પણ નિશાન દેખાયું નહિ. વસંત શાસ્ત્રીએ સોળું બદલી ફરીથી મોદક તળવાની શરૂઆત કરી.

### ઉપાસની બાબા

મકરસંક્રાંતિ હતી. ભંડારામાટે પકવાન્નમાં જલેબી કરવાની શ્રી બાબાની આજ્ઞા થઈ. જલેબી કરવા માટે કોપરગામના નરોત્તમ બુવાના માણસો આવ્યા હતા. ચાસણીમાં જલેબી ડુબાડવાનું કામ અચ્યુતરાવ તિલક કરતા હતા. શ્રી તિલક પોતાનું બધું જ છોડી એક નિષ્ઠાથી શ્રી બાબાની સેવા કરતા સાકોરીમાં રહેતા હતા. જલેબીનું કામ પૂરું થયું. કઢાઈમાં ઘી બળી ન જાય, માટે શ્રી તિલક તથા કોપરગામના માણસે કઢાઈ ઉતારી. તે

માણસે કઢાઈને ઝટકો દેતાં જ તિલકના બંને હાથનાં આંગળાં ઊકળતા ઘીમાં આખાં ડૂબી ગયાં. જે લોકો તે સમયે ત્યાં હાજર હતા તેઓને એમ લાગ્યું કે તિલકના બંને હાથ પૂર્ણ દાઝવાને લીધે ખલાસ થશે, પરંતુ તિલકની આંગળીઓને ઘી ઠંડું લાગ્યું તથા કાંઈ જ ઈજા થઈ નહિ. સંતો જડ પદાર્થો ઉપર પણ પોતાનો પ્રભાવ પાડતા હોય છે. ઉપરના બંને પ્રસંગોથી સંતો પોતાના ભક્તોનું કેવી રીતે રક્ષણ કરે છે તેનો ખ્યાલ આવે છે.

### સાઈબાબા

શ્રી બાબાના અનન્ય ભક્ત શ્રી ભરૂચાની નિમણૂક નાગપુરમાં દસ વર્ષથી ચાલી રહેલ એક કેસનો નિકાલ કરવા માટે થઈ. કેસનો અભ્યાસ કર્યા પછી આરોપી કોન્ટ્રેક્ટર નિર્દોષ હોવાનું જજમેન્ટ લખી શ્રી ભરૂચા સૂતા. શ્રી બાબાએ તેમને જગાડી કહ્યું, "સાહેબ, ફેંસલો ભૂલ્યા. આરોપીને છ મહિનાની જેલ તથા દંડ કરો."

મિ. ભરૂચા ઊઠયા તથા સ્નાન કરી જજમેન્ટ ટાઈપ કરવાની શરુઆત કરી પરંતુ તેમને કંઈ જ યાદ આવે નહિ. શ્રી બાબાએ તેમના કાનમાં જજમેન્ટ કહ્યું. બીજે દિવસે કોર્ટમાં તેમણે ચુકાદો વાંચ્યો. આરોપીના વકીલે સાહેબ તરફ આશ્ચર્યથી જોઈને કહ્યું, "આઈ વીશ યુ સક્સેસ ઈન હાઈકોર્ટ." ઉપલી કોર્ટમાં પણ મિ. ભરૂચાનું જ જજમેન્ટ માન્ય રાખવામાં આવ્યું. આવું શ્રી બાબાનું મહાન કર્તૃત્વ, તેમનુ ઈશ્વરત્વ કોણ નકારી શકે?

### ઉપાસની મહારાજ

હૈદ્રાબાદના શ્રી કૃષ્ણ બેરિસ્ટર પોતાના ભાઈ તથા ભાભી લક્ષ્મીબાઈ સાથે ઘણા જ વખતથી સાકોરીમાં રહેતા હોવાથી



વકીલાતની આવક ઓછી થઈ ગઈ. પરિણામે ચાલીસ હજાર રૂપિયા દેવું થયું. બેંકરે તેમને 'પંદર દિવસમાં પૈસા આપો, નહિ તો ફરિયાદ કરીશું.' એવી ધમકી આપી. બેરિસ્ટર શ્રીકૃષ્ણ બે–ત્રણ દિવસ બાબાના દર્શન માટે ગયા નહિ. એક દિવસ શ્રી બાબાએ તેમની સામે કવરમાં કોરો કાગળ નાંખી બેંકરને મોકલ્યો તથા બેરિસ્ટર સાહેબને હૈદ્રાબાદ જવાની આજ્ઞા કરી. બેંકર ઉપર ખોટું દેવું કાઢવા માટે ફોજદારી કરી. બેંકર હવે જેલમાં જશે એવું કાયદાના પંડિતો બોલવા લાગ્યા. શ્રી કૃષ્ણ બેરિસ્ટરની ક્ષમા માગી કેસના કાગળો મૂકી, ચાલીસ હજાર રૂપિયાની પ્રોમિસરી નોટ ફાડી તથા કાલાવાલા કરી બોલ્યો. "મને બચાવો!"

શ્રી બેરિસ્ટર, પક્ષકારના બચાવ માટે આધાર નહોતો, એ વિચારે આખી રાત ટેબલ ખુરશી ઉપર બેસી રહ્યા. ચાર વાગતાં ઝોકું લાગતાં જ શ્રી બાબાએ દર્શન આપી કહ્યું, "સાહેબ ઊઠો! ત્રણ નંબરના કબાટમાં બીજા ખાનામાં ૧૯૩૨ ની સાલની કલકત્તા કેસ–બુક છે, તેમાં અમુક નંબરનો કેસ જુઓ."

બીજે દિવસે શ્રી બેરિસ્ટર કોર્ટમાં ગયા તથા બે–ત્રણ કલાક દલીલો કર્યા પછી કલકત્તા કેસ ન્યાયાધીશની સામે મૂકતાં જ 'બેંકર ઈઝ એક્વીટેડ' એવો નિકાલ જાહેર કર્યો તથા તેમણે બેરિસ્ટરને અભિનંદન આપ્યા. લોકોએ જયજયકાર કર્યો તથા ગળામાં હાર નાંખ્યો. કૃષ્ણ બેરિસ્ટરની આંખોમાંથી પ્રેમાશ્રુ વહેતાં હતાં. આવો હતો શ્રી બાબાનો અગાધ મહિમા. સાકોરી શિરડીથી પાંચ–છ કિલોમિટર દૂર આવેલ છે. ત્યાં શ્રી ઉપાસની બાબાની જગ્યા આપેલી છે. તેમના પછી તે જગ્યાનું સંચાલન શ્રી ગોદાવરી માતાજી કરી રહ્યાં હતાં. શ્રી ઉપાસની બાબા તથા શ્રી

સાંઇબાબા સમકાલિન હતા અને ઉપાસની બાબા શ્રી સાંઇબાબા પાસે અવાર નવાર જતા. શ્રી સાંઇબાબાની તેમના ઉપર અસીમ કૃપા હતી. ભાવિક ભક્તોને શિરડી જવાનો અવસર મળે તો સાકોરી અવશ્ય જવું. શિરડીથી ઘોડાગાડીમાં જવાય છે. ભાડે સાઇકલ લઇ સાઇકલ ઉપર પણ જઇ શકાય છે.

### સંત કબીર સાહેબ

સંત શ્રી કબીર સાહેબ શ્રી હરિનું સ્મરણ કરતાં કરતાં કાપડ વણી રહ્યા છે. તેમના સાન્નિધ્યમાં ભક્તો સત્સંગ માટે બેઠા છે. કબીર સાહેબ ભક્તોના પ્રશ્નોના ઉત્તર આપી તેમની શંકાનું સમાધાન કરી યોગ્ય માર્ગદર્શન આપી રહ્યા છે.

એક ભક્તે પૂછ્યું, 'કબીર સાહેબ, ભક્તિ કરવા માટે શ્રેષ્ઠ માર્ગ કયો? ગૃહસ્થી કે સન્યાસ?'

ભક્તને કાંઇ પણ જવાબ આપવાને બદલે કબીરજીએ સસ્મિત પોતાની ધર્મપત્નીને હાક મારી કહ્યું, 'સુતરનો તાર તૂટી ગયો છે, તે સાંધવા માટે પ્રકાશની જરૂર છે. માટે દીવો પેટાવીને લાવો.'

તુરત દીવો પેટાવીને, રસોડામાંથી ધર્મપત્ની બહાર આવ્યાં. એમના હાથમાં દીવેલના કોડિયાનો દીવો હતો. પતિ પાસે પહોંચે તે પહેલાં કબીરજીએ દૂરથી કહ્યું, 'તાર સંધાઇ ગયો છે. દીવો હોલવી નાંખો.'

તુરત આજ્ઞાનું પાલન થયું અને બુઝાયેલા દીવા સાથે ધર્મપત્ની પુનઃ રસોડામાં પ્રવેશ્યાં.

કબીરજીએ પ્રશ્ન પૂછનાર ભક્ત સામે જોઇને કહ્યું, 'ભાઇ તમારા પ્રશ્નનો જવાબ મળી ગયો ને?'



ભક્તે કહ્યું, 'હું કંઇ સમજ્યો નહિ!'

'ભાઇ! ભરબપોરે મેં મારી ધર્મપત્નીને દીવો લાવવાનું કહ્યું. કંઇ પણ આનાકાની કે શંકા–આશંકા સિવાય તે દીવો લઇ આવી. આવી પતિવ્રતા ધર્મપત્ની મળે તો ગૃહસ્થાશ્રમમાં રહીને પણ બરાબર ભક્તિ થઇ શકે છે. જેના માટે આ શક્ય ન હોય તેણે સંન્યાસી થઇને ભક્તિ કરવી જોઇએ.

### યોગી શ્રી અરવિંદ

શ્રી અરવિંદ, વડોદરામાં, મહારાજા સયાજીરાવની નોકરીમાં હતા તે સમયનો આ પ્રસંગ છે. એ વખતે મહારાજા દરરોજ સવારે ઘોડેસવારી કરતા. અરવિંદ પણ તેમની સાથે ઘોડેસવારી કરતા. આગળ મહારાજાનો અશ્વ હોય અને પાછળ શ્રી અરવિંદનો.

એક સવારે મહારાજા અને અરવિંદ આ રીતે નીકળેલા. હજુ છેલ્લા પ્રહરનું અંધારું હતું. એક ડોશીમા લાકડાના ભારા પાસે ઊભાં હતાં. ઘોડેસવારને આવતો જોઇને ડોશીમાએ કહ્યું. 'ભાઇ આ ભારો માથે ચઢાવોને?'

મહારાજાએ ડોશીમાને ભારો માથે ચઢાવ્યો. ડોશીમા આશીર્વાદ આપીને ચાલતાં થયાં. પછી મહારાજાએ અરવિંદને કહ્યું, 'પેલા ડોશીમાને મેં લાકડાનો ભારો માથે ચઢાવ્યો.' ત્યારે અરવિંદે કહ્યું, "ઓહ! એમાં નવાઇ નથી. ભારો ચઢાવવામાં મોટાઇ નથી, ભારો ઉતરાવો તો ખરા ગણું!" શ્રી અરવિંદના વાક્યનો મર્મ મહારાજા સમજી ગયા. પોતાના રાજ્યમાં આવાં વૃદ્ધ ડોશીમાને વહેલી સવારે લાકડાં કાપવા જવું પડે એ પોતાના રાજ્ય માટે કેટલું શરમજનક ગણાય!

મહારાજા સયાજીરાવે બીજા દિવસે વહેલી સવારે સૈનિકોને જંગલમાં મોકલી, એ ડોશીમાને રાજદરબારમાં બોલાવ્યાં અને વર્ષાસન બાંધી આપ્યું.

## પરમહંસ શ્રી રામકૃષ્ણદેવ

શ્રી રામકૃષ્ણદેવ દક્ષિણેશ્વરમાં કાલી મંદિરનાં પૂજારીનું કાર્ય કરી રહ્યા છે. તેમને જગદંબાનો સાક્ષાત્કાર કરવાની તીવ્ર ઝંખના લાગી છે. માતાના વિરહથી આકુળવ્યાકુળ થઇ ઊઠેલા બાળકની પેઠે એ ખૂબ રુદન કરતા અને બોલતા "ઓ મા! તું ક્યાં છે? મને દર્શન આપ! મને મોજમજા, ધનદોલત, મિત્રો કે ભોગ-વિલાસોમાં કશાની તૃષ્ણા નથી. હે મા! મને તો તારા દર્શનની લગની લાગી છે." એમ બોલતાં બોલતાં એમની આંખોમાંથી અસ્ખલિત અશ્રુધારા વહી જતી. આખો દિવસ એમ વીતી જતો. સંધ્યા સમયે જ્યારે મંદિરમાં આરતીનો ઘંટારવ થતો ત્યારે તેઓ વધુ ખિન્ન થઇ જતા અને ઉદ્‌ગાર નીકળતો. "મા! આ વધુ એક દિવસ એમ ને એમ ચાલ્યો ગયો, પરંતુ તારાં દર્શન થયાં નહીં! આ ક્ષણભંગુર જીવનમાંથી વધુ એક દિવસ ઓછો થયો, પરંતુ મને જગદંબાનાં દર્શન થયાં નહિ!" ઘણી વાર વેદના દારુણ બનતી ત્યારે એ પોતાના મુખને જમીન ઉપર ઘસતા, એમનું આક્રંદ સાંભળીને લોકો એકઠા થતા અને માંહોમાંહે કહેતા. "બિચારો! શું એની મા મરી ગઇ હશે? એનું કલ્પાંત સાંભળી શકાતું નથી!" ક્યારેક વળી એ કાલીની મૂર્તિ સમક્ષ બેસી રહેતા અને કહેતા, "હે મા! તું સાચી છો કે પછી જડ પથ્થરની મૂર્તિ જ છો? શું તું વાસ્તવિકતા વગરની કેવળ કલ્પના જ છો? જો તું ખરેખર હો તો મને તારાં દર્શન કેમ દેતી નથી? તું શું મનનો તરંગ છો, શું માત્ર આકાશ કુસુમ છો?" અને આ શબ્દો એમના



મુખમાંથી નીકળે કે તરત જ એમને રામપ્રસાદ જેવા અનેક ભક્તો યાદ આવી જતા, અને થતું કે શું તેમણે આ જીવનમાં જ શ્રી જગદંબાનો સાક્ષાત્કાર નહતો કર્યો?

શ્રી રામકૃષ્ણને આ સમયે વિચાર આવતા કે "જગદંબા કેવળ કલ્પનાની તરંગલીલા રૂપે તો ન હોય શકે. જેમણે એનાં સાચે જ દર્શન કર્યાં હોય એવા ઘણા લોકો છે, તો પછી મને એનાં દર્શન કેમ થતાં નથી? જીવન ઝડપથી પસાર થતું જાય છે. એક પછી એક દિવસો ચાલ્યા જાય છે. તે પાછા આવવાના નથી. દિનપ્રતિદિન હું મૃત્યુની વધુ ને વધુ નજીક જતો જાઉં છું, પરંતુ જગદંબા મને ક્યાં દેખાય છે?

ઘણી વાર જગદંબાની મૂર્તિ સમક્ષ એ જડવત્ બેસી રહેતા. કોઇ વાર એ પાગલના જેવી ચેષ્ટા કરતા તો કોઇ વાર એ બાળકની માફક આક્રંદ કરતા. પૂજા કરતી વખતે કદી એ પોતાના માથા ઉપર ફૂલ મૂકી દેતા અને એક બે કલાક ધ્યાનમાં શાંત બેસી રહેતા. એ નૈવેદ્ય ધરાવતા હોય ત્યારે જગદંબા સામું એકીટસે જોઇ રહેતા, અને જગદંબા આરોગી રહી છે એવો ભાવ એમના મુખ પર તરવરી રહેતો.

એક દિવસ જગદંબાનાં દર્શન કરવાની એમની ઉત્કંઠા ખૂબ તીવ્ર બની અને એ બોલી ઊઠયા: "મા મારા કાલાવાલા તું કેમ સાંભળતી નથી? હું તને કેટકેટલી વિનવણી કરું છું! રામપ્રસાદ ઉપર તારી કૃપા ઊતરી તો પછી મને પણ દર્શન આપવાની કૃપા તું કેમ કરતી નથી?"

પરંતુ એ શબ્દો પછીથી જે ચમત્કાર થયો તેનું વર્ણન એમના જ શબ્દોમાં વાંચીએ. જગદંબાના એ પ્રથમ દર્શનની વાત કહેતાં

એમણે કહ્યું છે. "માનાં દર્શન ન થવાથી એ વખતે હું કરુણ વેદના અનુભવી રહ્યો હતો. જાણે એવું લાગતું હતું કે ભીના ટુવાલની જેમ કોઇ મારા હૃદયને નિચોવી રહ્યું છે. અત્યંત બેચેની મને તંગ કરી રહી હતી. અને મને બીક લાગતી હતી કે આ ભવે તો હું માનાં દર્શન નહિ કરી શકું. માનો વિયોગ મને અસહ્ય થઇ પડયો. જીવવામાં મને રસ ન રહ્યો. એવામાં એકાએક મારી નજર મંદિરમાં રાખેલી તલવાર ઉપર પડી. જીવનનો અંત આણવાનો નિશ્ચય કરીને હું એક પાગલની માફક કૂધ્યો અને એ તલવાર ઉપાડીને ગળા પર ઝીંકી. ત્યાં તો એકાએક જગદંબા મારી આગળ પ્રગટ થયાં અને મારો હાથ પકડી લીધો, અને હું બેભાન થઇને જમીન ઉપર પટકાઇ પડયો. એ પછી શું બન્યું તેની, તેમ જ એ દિવસ તેમ જ બીજો દિવસ શી રીતે પસાર થયો તેની મને ખબર જ નથી. પરંતુ મારું અંતર એક અપૂર્વ અને વિશુદ્ધ આનંદના પ્રવાહમાં નાહી રહ્યું હતું, અને જગ-દંબાની હાજરીનો મને અનુભવ થઇ રહ્યો હતો."

(જીવનમાં પ્રભુને, જગદંબાને પામવા માટે આવી લગન, ઉત્કંઠા, દિવાનાપણું અને મરી ફીટવાની તૈયારી હોય તો તે પરમશક્તિનો સાક્ષાત્કાર થઇ શકે. મૂર્તિમાંથી ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રીરામ પણ પ્રગટે. હનુમાનજી તેમ જ અંબાજી પણ પ્રગટે. મા ચામુંડા અને મા ગાયત્રી પણ પ્રગટે. મૂર્તિમાંથી એ પરમ ચૈતન્યને પ્રગટાવવાની તાકાત આપણામાં હોવી જોઇએ. કલ-કત્તાનાં દક્ષિણેશ્વર મંદિરમાં આજે પણ એ જ મા કાલીની મૂર્તિ છે, પરંતુ શ્રી રામકૃષ્ણદેવ પછી કોઇ સાધકે તેમનો એ રીતે સાક્ષાત્કાર કર્યો હોય તેવું આજ દિવસ સુધી ક્યાંય સાંભળ્યું નથી, વાંચ્યું નથી.)



### સ્વામી તેજાનંદ

યૌવન મદમાં ભાન ભૂલી જશો નહિ કેમ કે યૌવનનો ખેલ બહુ જ બૂરો છે. પુષ્પાવતી નામની એક બ્રાહ્મણ કન્યા યૌવનમાં ભાન ભૂલી અને અનર્થ આદર્યો. એક યુવાન સાથે આંખ લાગી ગઇ અને એના જીવનને દાગ લાગી ગયો. કૌમાર્યાવસ્થામાં ગર્ભવતી બની. સગાંવહાલાં વેરી થયાં અને પુષ્પાને ઘરની બહાર કાઢી મૂકી. એ દુઃખીયારી માટે કોઇ સ્થાન ન હતું. જ્યાં જાય ત્યાંથી જાકારો મળતો. નિરાધાર બ્રાહ્મણ કન્યા રખડતી ભટકતી ચમારવાડામાં જઇ પહોંચી. આંખોમાં શ્રાવણ, ભાદરવો વહી રહ્યાં હતાં. એના દુઃખની કથની શ્રવણ કરતાં ચમારોનું દિલ દ્રવી ગયું. એક કુમારીકાની ભૂલથી જે બ્રાહ્મણ સમાજે બહિષ્કાર કર્યો એ જ કુમારીકાને ચમાર લોકોએ સહારો આપ્યો. પોતાની પુત્રીની જેમ વર્તતાં કુટિરની બાજુમાં એક કુટિર બનાવી આપી.

પુષ્પાવતીએ દસ માસે એક સુંદર પુત્રને જન્મ આપ્યો. ચમારવાડામાં પુત્ર જન્મનો મોટો ઉત્સવ ઉજવાયો. ઢોલ, નગારાં અને શરણાઇઓ ગૂંજી ઊઠી. બ્રાહ્મણ કુળમાં સ્વજનો મુખ છૂપાવી બેઠા હતા ત્યારે ચમારના ઘરમાં મંગળાકાર થઇ રહ્યો. વિધિની ગતિ કેવી વિચિત્ર છે!

પુષ્પાવતી પુત્રની માતા બની પરંતુ તે એક બ્રાહ્મણની કન્યા હતી. એનું ભાવિ એને ચમારવાડમાં ખેંચી લાવ્યું હતું. જ્યારે એ કર્મગતિની યાદ જીવંત બનતી ત્યારે એ વર્ષાની હેલીની જેમ અશ્રુ વહાવતી. ખરેખર તો તે પોતાના પુત્રની મમતાને લીધે જ જીવી રહી હતી. નહિ તો ક્યારની આત્મહત્યા કરીને જીવનનો અંત આણ્યો હોત.

કાળના વહન સાથે કહાની બની ગઇ. પુષ્પાવતી બ્રાહ્મણ કન્યાને બદલે પુષ્પા ચમારણ તરીકે ઓળખાવા લાગી. ગમે તેમ હોય પરંતુ આખરે એ સંસ્કારી આત્મા હતો. સંતોનો મહિમા શ્રવણ કર્યો ત્યારથી એના હૃદયમાં હિંમત આવી. સદ્‌ગુરુ તેજાનંદ સ્વામીના દર્શને જવાની અભિલાષા દૃઢ બની.

સદ્‌ગુરુના ચરણમાં આવી, પુષ્પાવતીએ પ્રેમે શીશ નમાવી પ્રણામ કર્યા અને બોલી, 'બાબા! હું એક બ્રાહ્મણની પુત્રી હોવા છતાં ચમારણ બની આપના દ્વારે આવી છું. આપ તો પતિતપાવન છો, મને પતિતાને બચાવી લ્યો. તારણહાર બની મારો હાથ ઝાલી લ્યો. આ વિકટ ભવસાગરમાં હું ડૂબી રહી છું.' આમ કહેતાં સંતના ચરણ ગ્રહી નિરાધારની જેમ એ અશ્રુ વહાવી રહી. જાણે પોતાની પુત્રી રૂદન કરી રહી હોય તેમ સંતનું દયામય હૃદય ભેદાયું. સંત વાત્સલ્ય ભાવે બોલ્યા. 'બેટી! તુ હવે રૂદન ન કર. આજે તું તારા પિતાના ભવનમાં આવી છે. તારા પુત્ર સાથે તું સુખશાંતિથી અહીંઆ રહે. હવે તારે ક્યાંય જવાની જરૂર નથી.' આમ કહી સંતે આશ્વાસન આપી સહારો આપ્યો.

દિલના બધા જ સંતાપ ભૂલી જઇ પુષ્પાવતીએ સંતના ધામમાં નિવાસ કર્યો. નિત્ય સંતોનો સમાગમ અને સત્સંગની અમીધારા વહન થતી. એ સંતસમાગમનો દુર્લભ લ્હાવો પ્રાપ્ત કરતાં પુષ્પાવતી સાચે જ ભવના બંધનમાંથી મુક્ત બની ગઇ. શ્રીહરિના નામનો મહિમા શ્રવણ કર્યો ત્યારથી એના હૃદયમાં નામસ્મરણની લગની લાગી. તે અજપાજાપ જમવા બેસી ગઇ. પોતાનો પુત્ર ગુરુની પાસે રહે અને પુષ્પાવતી એકાંતે બેસી ઈશ્વર સ્મરણ કરે. આઠે પહોર નામસ્મરણની લગની લાગી ગઇ. ઈશ્વરના નામની સાથે જેને અનન્ય પ્રેમ લાગી ગયો હતો એ



પુષ્પાવતી આ માયિક સંસારને ભૂલી ગઇ અને તે એટલે સુધી કે હરિસ્મરણમાં એકાગ્ર બનેલી તન્મયતામાં જ 'હરિ હરિ' કરતાં શ્રીહરિમાં સમાઇ ગઇ. એનો સ્થૂળ દેહ ત્યાં જ ઢળી પડયો. પુષ્પાવતી સાચે જ શ્રીહરિનાં ચરણમાં પૂર્ણવિરામ પામી ગઇ.

સદ્‌ગુરુ તેજાનંદ સ્વામીએ રાહ ભૂલેલી એક બ્રાહ્મણ કન્યાને સન્માર્ગ બતાવતાં પોતાના સ્થાનમાં રાખી અને નામસ્મરણના વિરાટ મંચ પર સ્થિત કરી. પુષ્પાવતી પ્રેમભક્તિ કરી પ્રભુમય બની વિરામ પામી. થોડા સમયમાં આ વિકટ ભવ સંસારને જીતીને વિદાય થઇ ગઇ.

(સંતો ખૂબ જ પરોપકારી હોય છે. જો કોઇ સાચા સંતનો ભેટો થઇ જાય તો જીવન ધન્ય બની જાય.)

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.

# ઈશ્વરોપાસના

અંબાલાલ બ. પટેલ

ઈશ્વર એક જ છે. તે સર્વવ્યાપી, સર્વશક્તિમાન, સર્વજ્ઞ, અતર્યામી તથા દયાળુ છે. ઈશ્વરે સૃષ્ટિના સર્જનમાં માનવો, પશુપક્ષીઓ તથા વનસ્પતિનું નિર્માણ કરી કોઈ ન કરી શકે તેવું કાર્ય કર્યું છે. લાખો રૂપિયા ખર્ચતાં પણ હવા, પાણી કે શરીરનાં અંગો ન મળે તે મફત આપી જીવનને સગવડભર્યું બનાવ્યું છે. નદીઓ, પર્વતો, સમુદ્રો, ધાતુઓ તથા પ્રકૃતિનું સૌંદર્ય આપી જીવન આહ્‌લાદક બનાવ્યું છે. ઈશ્વરમાં ન માનનારે સમજવું જોઈએ કે જેમ ખુરસીનો બનાવનાર સુથાર છે, તેમ સૃષ્ટિનો બનાવનાર કોઈક હોવો જોઈએ. તે બનાવનાર જ ઈશ્વર કહેવાય છે, હવા કે વીજળી જોઈ શકાતાં નથી, પણ સૃષ્ટિના સર્જન પરથી અનુભવી શકાય છે. જુદા જુદા રંગનાં ફૂલો, પક્ષીઓ, શાકભાજી પરથી લાગે છે કે આવું કાર્ય ઈશ્વર સિવાય કોઈ કરી શકે તેમ નથી.

આ જગતમાં ઈશ્વરને નિરાકાર (આકાર વગરના) તથા સાકાર (આકારવાળા) માનવામાં આવે છે. તેમને નિર્ગુણ (ગુણ વગરના) તેમ જ સગુણ (ગુણવાળા) માનવામાં આવે છે. સાકાર સ્વરૂપમાં રામ, કૃષ્ણ, શિવ, ગણેશ, સ્વામીનારાયણ વગેરેને પૂજવામાં આવે છે. નિરાકારમાં સ્વરૂપ હોતું નથી, પણ હૃદયમાં ખરા મનથી ૐ, પ્રભુ, ઈશ્વર, ભગવાન, પરમાત્મા કહી સ્થાન આપવામાં આવે છે.



આકાર વગરના નિરાકાર ઈશ્વરને પૂજવા કોઈ સ્વરૂપ કે સામગ્રીની જરૂર નથી. મનને એકાગ્ર કરીને ૐ, ઈશ્વર, ભગવાન વગેરે ઉચ્ચારણોથી ઈશ્વરને સ્મરવામાં આવે છે. 'ૐ' શબ્દ ભગવાનનું એકાક્ષરી સર્વશ્રેષ્ઠ નામ છે અને તે એકાક્ષરી મંત્ર પણ ગણાય છે, તેનો મહિમા તથા વર્ણન 'માંડૂક્ય' ઉપનિષદમાં આપવામાં આવેલ છે. ઈશ્વરનું સ્મરણ કરવું તથા ઈશ્વરે કરેલા ઉપકારોનો આભાર માનવો અને ગુણો ગાવા એજ ખરી પૂજા કે ઉપાસના છે. જેમ કે–

અહો ! દેવના દેવ, હે વિશ્વસ્વામી,<br>
કરું હું સ્તુતિ આપની શીશ નામી,<br>
કીધા છે કરોડો તમે ઉપકારો,<br>
દીનાનાથ છો આપ એક જ આધાર મારા.

હે પરમેશ્વર, વિશ્વના સ્વામી, માથું નમાવી તમારી સ્તુતિ કરું છું. તમે કરોડો ઉપકાર કર્યા છે. તમે જ મારા એક જ આધાર છો.

પ્રભુ અમ અંતરપટ અજવાળો,<br>
તિમિર ઘટા ઘનઘોર પ્રભુ,<br>
અમ ટળો નષ્ટ કરો અજ્ઞાન વાદળ,<br>
જ્ઞાનજ્યોત પ્રગટાવો,<br>
અંતરચક્ષુ આપી અમને,<br>
અંતર મહીં સમાવો.

ઈશ્વરને જુદાં જુદાં ક્ષેત્રોના સ્થળોએ શોધનારને વેદાંતી સંત કવિ કબીરે કહ્યું છે–

'मौंको कहां ढूंढे बंधे, मैं तो तेरे पासमें ।<br>
ना मैं मंदिर, ना मैं मस्जिद, ना काबे कैलासमें ॥

હું મંદિર કે મસ્જિદમાં નથી તેમ જ કાબા (મુસલમાનોનું પવિત્ર સ્થળ) અથવા કૈલાસ (હિંદુઓનું પવિત્ર સ્થળ)માં નથી હું તો તારી પાસે (હૃદયમાં જ) છુ. મને ક્યાં ખોજે છે?

નિરાકાર પ્રભુમાં માનનાર એકબીજાને જય શ્રીપ્રભુ કે જય શ્રીભગવાન કહે છે.

સાકાર સ્વરૂપમાં માનનાર રામ, કૃષ્ણ, શિવ વગેરેને ભગવાન માને છે. તેમના જેવું જીવન જીવનારનું જીવન સાર્થક થાય છે. દુર્ગા, કાલી, અંબા, સરસ્વતી વગેરે દેવીઓને શક્તિપંથીઓ શક્તિદેવી તરીકે માને છે. અને પૂજે છે. ખરી નિષ્ઠાથી ભગવાનને ગમે તે નામે ભજે તોપણ ભગવાન અંતર્યામી હોવાથી તેની ભક્તિનો સ્વીકાર કરે છે. મૂર્તિને ભગવાનનું (સાકારનું) પ્રતીક ગણવામાં આવે છે તથા અવલંબન માની તેની પૂજા કરવામાં આવે છે, પણ તે અવલંબન ક્યાં સુધી ચાલુ રાખવું તે ભક્ત પર અવલંબે છે. એક બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર મકાનનું ધાબુ (છત) ભરે છે, ત્યારે તે ટેકા મૂકી તેની ઉપર સળીઆ ગોઠવી સિમેન્ટ તથા રેતીનું મિક્ચર પાથરે છે. જ્યારે સિમેન્ટ અને રેતીનું મિક્ચર સૂકાય છે, ત્યારે કોન્ટ્રાક્ટર નીચેથી ટેકા ખસેડી લે છે, તોપણ છત તૂટી પડતી પડતી નથી, કારણકે તે છત મજબૂત થએલી હોય છે. તે રીતે ભક્તિમાં મૂર્તિનું અવલંબન લીધેલ ભક્ત શરૂઆતમાં મૂર્તિને લીધે મનને ઈશ્વરમાં સ્થિર કરે છે, પણ સમયના અનુભવે તેનું મન પરિપક્વ થાય છે, ત્યારપછી મૂર્તિનું અવલંબન કાઢી નાખે તો પણ તે ભગવદ્‌ભક્તિમાં મનને પરોવી શકે છે, સાકાર પ્રભુમાં માનનાર એકબીજાને જય શ્રીકૃષ્ણ કે જય શ્રીરામ કહે છે.



અનેક દેવવાદ થવાનું કારણ જણાવતાં વિદ્વાનો કહે છે કે જેમ રાજ્યમાં રાજા જુદા જુદા પ્રધાનો તથા અમલદારો નીમી રાજ્યની વ્યવસ્થા સરળ બનાવે છે, તેમ જુદા જુદા દેવો જુદાં જુદાં કાર્યો માટે હોય છે. જેમ કે વરુણ દેવ જળના દેવ ગણાય છે તથા મરુત્ પવનના દેવ ગણાય છે, અનેક દેવોને કારણ ધર્મમાં ઝગડા થાય છે. દરેક પોતાનો દેવ શ્રેષ્ઠ ગણે છે. વૈષ્ણવો વિષ્ણુને, શૈવો શિવને, સ્વામિનારાયણ પંથીઓ સ્વામિનારાયણને શ્રેષ્ઠ માને છે. વેદાંતી કવિ અખાએ તેના છપ્પામાં કહ્યુ છે—

એક મુરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,<br>
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન,<br>
એ તો અખા બહુ ઉત્પાત, ઘણા પરમેશ્વર એ કોની વાત?

મૂર્તિપૂજાને ઈશ્વરના પ્રતીક ગણી ધર્મમાં મોટું સ્થાન આપવામાં આવ્યું છે. તેથી કેટલાક ઈશ્વરને બદલે ઈશ્વરની છબીના કાગળનો તથા પથ્થરની મૂર્તિના પથ્થરને ઈશ્વર માની બેઠા છે. તેમાં ઝગડા પેદા કર્યા છે સ્વામી દયાનંદ સરસ્વતીને શિવમૂર્તિ પર ઉંદરોને દોડતા તથા મૂર્તિને ખરાબ કરતા જોઈ મૂર્તિપૂજા પર તિરસ્કાર ઉપજ્યો અને તેથી જ તેમણે આર્ય-સમાજની સ્થાપના કરી. તેમણે તેમના 'સત્યાર્થ પ્રકાશ' નામના પુસ્તકમાં મૂર્તિપૂજાના વિરોધનાં ૧૬ કારણો આપ્યાં છે.

આ કારણો સાથે આપણે સંમત થઈએ કે ના થઈએ, પણ તે કેટલાકોનું આધ્યાત્મિક વલણ દર્શાવે છે. તેઓ તે રીતે મૂર્તિને બદલે યજ્ઞને પૂજે છે. આ સંસારમા જન્મવાનું દુઃખ, જિંદગી વીતાવવામાં દુઃખ, તથા ઘડપણમાં મૃત્યુ સમયનું દુઃખ હોય છે. તે દુઃખમાથી મુક્તિ મેળવવા દેહમાં રહેલ મલિન આત્માને શુદ્ધ

કરવા અને તેને મુક્ત કરવા ભક્તિનો આધાર લેવાય છે. આત્મા પરમાત્માનો અંશ છે એટલે **अहम् ब्रह्मास्मि** (હું બ્રહ્મ છું), **शिवोऽहम्** (હું શિવ છું) વગેરે યાદ કરીને પ્રભુસ્મરણ, પ્રાર્થના તથા સ્તુતિ કરવામાં આવે છે. બ્રહ્મભાવ કે ચૈતન્ય વગરનો દેહ નકામો છે. દરેક ધર્મમાં ટીલાં, ટપકાં, માળા રાખવામાં આવે છે તે જરૂરી નથી. અખા ભક્તે કહ્યું છે–

તિલક કરતાં ત્રેપન વહ્યાં, જપમાળાનાં નાકાં ગયાં,
તીરથ કરી કરી થાક્યા ચરણ, તોય ન પહોંચ્યા હરિને શરણ,
કથા સુણી સુણી થાક્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.

કહેવાય છે કે એક વાર સંત કબીર નરસિંહ મહેતાનું ભજન ચાલતું હતું ત્યાં ગયા હતા. તેમણે કૃષ્ણમિલનનું એક ભજન ગાયું હતું. ત્યારે કબીરે કહ્યું કે કૃષ્ણને બતાવો તો સાચું માનું. નરસિંહ મહેતાએ ભજનો શરુ કર્યાં અને હાથ પકડી કહ્યું કે આ રહ્યો કાનુડો. સંત કબીરે કહ્યું કે આંખો ઉઘાડીને જોશો તો ખબર પડશે કે કાંડુ તમારા હાથનું જ છે. નરસિંહે જોયું તો તે ખરેખર તેમનું જ કાંડુ હતું. ત્યારપછી તેમણે 'આત્માતત્ત્વ' વિશે એ પદ રચ્યું અને તેમાં ગાયું છે–

'જ્યાં લગી આત્માતત્ત્વ ચીન્ત્યો નહિ,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી.
શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી,
શું થયું ગંગાજળ પાન કીધે?
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા,
આત્મારામ પરબ્રહ્મ ન જોયો.
ભણે નરસૈંયો કે તત્ત્વદર્શન વિના,
રત્નચિંતામણિ જન્મ ખોયો.



જીવનમાં જેણે આત્માતત્ત્વનો વિચાર પણ ન કર્યો હોય તેણે જીવન વ્યર્થ ગુમાવ્યું એમ કહેવાય છે. ઉપર જણાવ્યા પ્રમાણે ભક્તિથી આત્માને શુદ્ધ કરી અજ્ઞાન દૂર કરી જેમ નદી નામ અને રૂપથી રહિત થાય છે, તેમ બ્રહ્મને જાણનાર આત્મજ્ઞાની નામ તથા રૂપ રહિત થઇ પરમાત્મામાં ભળી જાય છે, એટલે કે મોક્ષ પામે છે. મોક્ષ મેળવવા માટે ભક્તિમાર્ગ, કર્મમાર્ગ, જ્ઞાન તથા યોગમાર્ગ છે.

જ્ઞાન માટે છ દર્શનો (તત્ત્વજ્ઞાનનાં શાસ્ત્રો) છે. ૧. સાંખ્યયોગ ૨. ન્યાય વૈશેષિક ૩. પૂર્વમીમાંસા ૪. ચાર્વાકદર્શન ૫. બૌદ્ધદર્શન ૬. જૈનદર્શન. આનું જ્ઞાન મેળવી તે પ્રમાણે જીવનમાં ઉતારીને મુક્તિ મેળવી શકાય છે અને આ સંસારમાં જીવનમરણના ફેરા ટળી જાય છે. યોગથી યમનિયમાદિથી સમાધિ પ્રાપ્ત થાય છે અને મોક્ષ મેળવી શકાય છે.

કર્મ પ્રમાણે ફળ મળે છે. આ કર્મ ત્રણ જાતનાં છે. (૧) ક્રિયમાણ કર્મ. જે કર્મ તાત્કાલિક ફળ આપે, પણ પાકીને આપે તે (૨) સંચિત કર્મ કહેવાય છે. સંચિત કર્મ આ જન્મે ફળ ન આપે પણ બીજા કોઇ જન્મમાં ફળ આપે તે પ્રારબ્ધ કર્મ કહેવાય છે. આત્મા કર્માનુસાર બીજો જન્મ મેળવે છે કે મોક્ષ પામે છે. આત્મકલ્યાણ માટે મનુષ્યયોનિ છે. આત્મા એ આ દેહ નથી. તે ઘસાઇ જતાં છૂટી જવાનો છે. માટે પદાર્થો પર આસક્તિ રાખ્યા વગર મોક્ષ મેળવવા કોઇપણ ઉપર જણાવેલ માર્ગ ગ્રહણ કરવો અને પરમાત્મા સાથે એકરૂપ થવાનો પુરુષાર્થ કરવો હિતાવહ છે.

○

# અશક્યને શક્ય બનાવ્યું

મિત્રેશ જી. અગ્નિહોત્રી, સુરત

આ વર્ષે ૧૨ મા ધોરણની પરીક્ષામાં હું પાસ તો થયો પણ મારા ૬૧% જ આવ્યા. તેથી હું નિરાશ અને હતાશ થઇ ગયો હતો. કારણ કે મને જે લાઇનમાં એડમીશન જોઇતું હતું તે તો મળવાનું જ નહોતું. મને કાંઇ સૂઝ પડતી નહોતી. તેથી મારા ઘરનાં સર્વેએ નક્કી કર્યું કે પૂજ્ય માને મળવું. માને અમેરિકા જવાના દિવસો નજીક આવી ગયા હતા એટલે હું મારા ફોઇ સાથે મુંબઇ ગયો. ત્યાં જઇને પહેલાં અમે મધુભાઇને ત્યાં ફોન કરીને પૂછી જોયું કે પૂ. માને અમારે મળવું છે તો અમે ક્યારે આવીએ? તો અમને કહેવામાં આવ્યું કે માને પૂછીને તમને જણાવીશું. પાછો તમે ફોન કરજો. પરંતુ અમને તો માને મળવાની ઉત્કટ ઇચ્છા હોવાથી ફોન કર્યા વગર શ્રી માના ઉતારા પર પહોંચી ગયાં. અમે સાડા પાંચ વાગ્યાથી આઠ વાગ્યા સુધી બેઠાં અને અમને થયું કે આજે કદાચ માનાં દર્શન થશે નહિ. તેથી અમે ઊઠવાનો વિચાર કર્યો. પરંતુ માએ અમને બેસવાનું જણાવ્યું. મા જે બરોડા એક્સપ્રેસમાં મુંબઇ આવ્યાં હતાં તે ટ્રેન ઘણી મોડી હતી. તેથી મા ખૂબ જ થાકેલાં હોવા છતાં પણ અમારી સાથે ૨ થી ૩ કલાક ખૂબ જ પ્રેમથી વાતો કરી, અને મને સમજાવ્યો. માએ આશીર્વચન લખીને મને હિંમત આપી અને મને જણાવ્યું કે ડીપ્લોમા લાઇનમાં એડમીશન મળે તો લઇ લેવું. આપણે શું કરવા શક્તિમાન નથી? આજે એમના આશીર્વાદથી જ મને



ડીપ્લોમા સિવિલ એન્જિનિયરીંગમાં એડમીશન મળી ગયું છે. અને તે પણ સૂરતમાં જ મળી ગયું છે. આ પૂજ્ય માની કૃપા નહિ તો બીજું શું? તે બદલ હું માનો ખૂબ–ખૂબ આભારી છું. પૂ. માની આ કૃપા મારે માટે અવિસ્મરણીય છે. માએ મને સૂરતમાં જણાવેલું કે "અમે મિત્રેશનો હાથ પકડયો છે. તે કદી પણ છોડવાનાં નથી." તે શબ્દો મને સાર્થક અને સાકાર થતા લાગ્યા. મારે માટે પૂ. મા તે મા જ છે. માએ મને મિત્ર બનાવ્યો છે તેથી હું ગૌરવ અનુભવું છું.

પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુ:ખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ.
નાથભગવાન્

IS:10001

ઓ.: ૨૫૬૬૮
ફે.: ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ.: ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# ભાવાંજલિઓ

યોગેશ્વરજી

### ૧. સિદ્ધિ અને ભક્તિ

ચાંદની રાતમાં તે મારે દ્વારે આવીને ઊભી રહી. તેનાં નૂપુરના ઝંકારથી મારી આંખ ઊઘડી. ચંદ્રમાના પાવન પ્રકાશમાં, સંસારના સુધાસભર સરોવરમાં પ્રકટેલી પાવન પોયણી જેવી તે પ્રેમાળ અને રૂપાળી હતી. એના કરમાં મોહક માળા હતી, કેશરાશિ સારોયે ફૂલથી ભર્યો હતો, ને અંગેઅંગમાંથી ફોરમ ફેલાતી હતી.

ચાંદની રાતમાં તે મારે દ્વારે આવીને ઊભી રહી. આંસુ સારતી એક બીજી સુકુમારી પણ તેની પાછળ ઊભી હતી.

તેણે કહ્યું, 'હું સિદ્ધિ છું, ને આ રડનારી દેવી ભક્તિ.'

'પણ તે રડે છે શા માટે? મેં પૂછ્યું.

'કેમ કે આજે મારો તમારી દ્વારા અંગીકાર થશે. પણ જેમણે મારો અંગીકાર કર્યો છે, તેમની દ્વારા આજ સુધી આ દેવીને સોસવું પડયું છે, માટે એ રડે છે.'

મેં કહ્યું, 'ના, ના. આ વખતે વાત જુદી જ થશે. બંનેનો સંબંધ બહેનનો રહેશે.'

ને એ બંનેએ મારા કંઠમાં માળા ધરી.

બંનેનાં શ્રીમુખ પર સ્મિતની રેખા ફરી વળી.



### ૨. ઝરણનો સંદેશ

વહેતા ઝરણની પાસે તલ્લીન બનીને બેઠેલા શિષ્યને ગુરુદેવે કહ્યું, 'બેટા, શું જોયા કરે છે? ઝરણનો સંદેશ સાંભળે છે કે નહિ? જીવનના ઝરણને આવી જ રીતે વિકાસની અખંડ આરાધનામાં લગાડી દે, ને વિસંવાદમાં પણ સંવાદ ને શાંતિનો સ્વાદ ચાખી લે. જીવનના ઝરણને પણ આવી રીતે સાધનાના સતત રીતે વહેતા પ્રવાહમાં પલટાવી દે.'

### ૩. વિદ્વત્તાનો વૈરાગ્ય

'કેમ દેવ! વળી આજ? આ ગરીબની ઝૂંપડીને વળી પાવન કરી?'

'હા, હું તને ભેટ આપવા આવ્યો છું. આજે સઘળાંયે શાસ્ત્ર, સારીયે વિદ્વત્તા તને આપવા માટે આવ્યો છું. ટૂંકમાં, સરસ્વતીને તારી સદાની દાસી કરવા આવ્યો છું.'

'પણ મારા દેવ! એ ભેટને લઈને હું શું કરીશ?'

'કેમ? તું તેનાથી અખંડ કીર્તિ સંપાદન કરીશ. તારી વિદ્વત્તા દ્વારા ચિરંજીવનની પ્રાપ્તિ કરીશ. એમ કેમ પૂછે છે કે, શું કરીશ?'

'નહિ મારા દેવ! મને આવો જ નિરક્ષર રહેવા દો.'

'હું માનું છું કે શાસ્ત્રોને હું મારા હૃદયમાં જ પ્રકટ કરીશ. મને પાંડિત્ય ને વિદ્વત્તાના સમુચ્ચયરૂપ જીવન જીવવા દો, તેનો લહાવ લૂંટવા દો! તેથી જ હું ધન્ય બનીશ. પ્રભુ, મને સમુચ્ચય-રૂપ જીવન જીવવા દો, તેનો લહાવ લૂંટવા દો! તેથી જ હું ધન્ય બનીશ. આ ભારને શિર પર ધારણ કરીને, તમે જ કહો, હું શું કરીશ?

### તપસ્વીની પ્રાર્થના

અંધારાં વાદળ આકાશમાંથી એકાએક હઠી ગયાં, ને અમૃતના અંગાર જેવા પૂનમના ચંદ્રનું સ્વરૂપ પાસેના પર્વત પાછળથી પ્રકટવા લાગ્યું.

'મારા જીવનમાં પથરાયેલી વિરહની કાલિમા આ રીતે દૂર થાય, ને તમારા મધુઝરતા સ્વરૂપનો ઉદય થાય, એવી કૃપા કરી દો, હે અંતર્યામી, એવી કૃપા કરી દો.'

એ સુંદર સુધામય દૃશ્યનું દર્શન કરતાં પર્વતની ખીણમાં વસનારા તપસ્વી પુરુષે પ્રાર્થનાના મૂક ભાવમાં એમ કહેવા માંડયું.

અંબાજીમાં ક્યાં ઉતરશો?
" સ્વર્ગારોહણ "
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



# રામકથા

( સપ્ટે. '૯૨ થી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એણે જોયું તો આજુબાજુ અશોકવાટિકા વિના બીજું કાંઈ જ ન હતું.

એણે એની અશ્રુભીની આંખને ચોળી જોઈ, પરંતુ ઊર્મિલા ત્યાં ના દેખાઈ. ક્યાંય ના દેખાઈ.

'ઊર્મિલાની દશા અત્યારે કેટલી બધી કરુણ હશે? લક્ષ્મણના વિરહની વેદનાથી એ ખરેખર વ્યથિત હશે. એણે જે ત્યાગ કર્યો તે એ જ કરી શકે. એણે જે સ્મિતપૂર્વક સમર્પણ કર્યું તે એના વિના બીજું કોઈ ભાગ્યે જ કરી શકે. રામ, લક્ષ્મણ તથા પોતાને સુખી કરવા એણે હસતે મુખે દુઃખનો સ્વીકાર કર્યો. ધન્ય છે ઊર્મિલા! તારા જીવનને ખરેખર ધન્યવાદ ઘટે છે. આજે કેટલા લાંબા વખત પછી તારી ઝાંખી કરી શકાઈ? આપણે બંને બહેનો એક જ પ્રકારની વિરહવેદનાથી વ્યથિત છીએ; પરંતુ વિધાતા આપણી વેદનાને શાંત કરશે અને આપણને શાંતિ આપશે એ નક્કી છે. મારા મનમાં હવે એવો વિશ્વાસ પેદા થયો છે. એનું શ્રેય તને જ જાય છે. હા, તને જ.'

સીતાના મનમાં એવા ભાવો પેદા થવા માંડયા. એ ભાવો વધતા ગયા.

'ઊર્મિલા! એણે મનોમન કહેવા માંડયું : 'તું મારી પ્રેરણામૂર્તિ, પ્રકાશદાત્રી બની. મારી જડતાને દૂર કરીને જીવન પ્રદાન કરનારી ગુરુ થઈ. હા, ગુરુ જ. તારું જીવન મારે માટે પથપ્રદર્શક ને પ્રેરક થશે. તું મને માર્ગદર્શન કરશે. મારા આર્ત આશા રહિત જીવનમાં જ્યોતિ ધરશે. મારા અંતરમાં આશા ભરશે. તું ઘરમાં છે ને હું વનમાં છું. પરંતુ તું મને ઉત્સાહ ને બળ ધરશે. તું મારે માટે આદર્શરૂપ બનશે ને મને સ્વસ્થ કરશે. મારી મ્લાન બનેલી, મુરઝાયેલી, જીવનવાડીનું રક્ષણ કરશે. આજે તેં મને

અવનવી પ્રેરણા પાઈ. એ પ્રેરણા અને તેં આપેલો સુખદ સંદેશ મારા જીવનનું ભાથું બનીને મારામાં તિતિક્ષા પેદા કરશે ને મને ધીરજ ધરશે.'

અશોકવાટિકામાં થોડેક દૂર રાક્ષસીઓ બેઠેલી.

સીતાએ એમની તરફ નજર નાખી.

આસુરી પ્રકૃતિની એ રાક્ષસીઓમાં દયા ક્યાંથી હોય?

હા, એમની અંદર ત્રિજટા અપવાદરૂપ હતી. એ દયાળુ હતી.

મદોદરીએ એને સૂચના આપેલી ત્યારથી એ એની સાથે મમતાપૂર્વક વાતો કરતી, એની ખાસ સંભાળ રાખતી, અને એને ઉત્સાહ તથા હિંમત આપતી.

એ મંદોદરી પણ લંકામાં એક અજાયબી જેવી જ છે ને? એને પોતાના પર કેટલો બધો પ્રેમ છે? એનું અંતર કેટલું બધું નિર્મળ છે? એની અંદર પોતાને માટેની કેટલી બધી લાગણી અને સહાનુભૂતિ ભરી છે?

પોતાના કોઈક પુણ્યકર્મના પરિણામે એનો પરિચય થયો છે અને પ્રેમ મળ્યો છે. નહિ તો આ વાતાવરણમાં પોતાની પરિસ્થિતિ અતિશય કફોડી બની જાત. પોતે વિલાપ કરી કરીને મરી જાત.

આટલે દૂર એને કોઈ આધાર આપનારું અથવા આશ્વાસન દેનારું ના રહેત.

એને લીધે એની ચિંતા તથા વેદના ઘણી વધી જાત.

સીતા એવા વિચારમાં લીન હતી એટલામાં ત્રિજટાએ આવીને સમાચાર આપ્યા : 'મહારાણી મંદોદરી તથા વિભીષણ બંને આવી રહ્યાં છે.'

સીતા ચમકી.

મંદોદરીનો પરિચય તો એને થઈ ચૂક્યો હતો, પરંતુ વિભીષણ કોણ છે તે એને ના સમજાયું.

ત્રિજટાએ એની જિજ્ઞાસાને શાંત કરતાં કહ્યું : 'વિભીષણ લંકાપતિ



રાજાધિરાજ રાવણના ભાઈ થાય છે. એ ખૂબ જ ધર્મપરાયણ, દયાળુ ને સમજુ છે. એમનાથી ભયભીત થવાનું કે સંકોચ કરવાનું કોઈ જ કારણ નથી. તારા પ્રત્યેની ઊંડી સહાનુભૂતિથી પ્રેરાઈને જ એ આવ્યા હશે.'

એટલામાં તો મંદોદરી ને વિભીષણ આવી પહોંચ્યાં. મંદોદરીએ ત્રિજટાને બધા સમાચાર પૂછ્યા ને સીતાને સંબોધીને કહ્યું : 'આ લંકાપતિના ભાઈ વિભીષણ છે. એ ભારે ધર્માત્મા છે. તારા સમાચાર સાંભળીને એ પણ ખૂબ જ ચિંતાતુર બન્યા છે.'

વિભીષણે કહ્યું : 'રામના અસાધારણ પરાક્રમની વાતો સાંભળવાનો ધન્ય અવસર મારા જીવનમાં મને કેટલીય વાર પ્રાપ્ત થયો છે. એ શ્રવણના પરિણામે મારા અંતરમાં રામ પ્રત્યે અનુરાગ પેદા થયો છે. તમારા તથા રામના બંનેના પ્રત્યે મારા મનમાં પૂજ્યભાવ છે. તમારા બંનેના દર્શનની ઈચ્છા મને વારંવાર થયા કરતી અને એને માટેના અનુકૂળ અવસરની હું પ્રતીક્ષા કરતો. રામના દેવદુર્લભ દર્શનનું સૌભાગ્ય તો મને જ્યારે સાંપડશે ત્યારે ખરું, પરંતુ તમારું દર્શન આવા કરુણ સંજોગોમાં થશે તેની કલ્પના મને ન હતી. આ સંજોગોમાં તમને મળતાં મને દુઃખ થાય છે, છતાં પણ તમને મળી શક્યો છું એના પરથી આશા બંધાય છે કે રામ પણ મને મળશે જ. એમના દેવદુર્લભ દર્શનથી મારું જીવન ધન્ય થશે. મારા તમને પ્રણામ છે.'

વિભીષણની આંખ ભરાઈ ગઈ.

સીતાને એ જોઈને નવાઈ લાગી.

મંદોદરીનું હૈયું પણ હાલી ઊઠ્યું.

એણે કહ્યું : 'તમે તો એનું દર્શન ગમે ત્યારે કરી લેત, પરંતુ મને એવું ભાગ્ય ક્યારે મળી શકત? સીતાને મળીને મારી કોઈ લાંબા વખતથી વિખૂટી પડેલી બહેનને મળતી હોઉં એવું મને લાગ્યાં કરે છે.'

સીતા ધરતી તરફ દૃષ્ટિ ઢાળીને બેઠી હતી. એના શરીર પર સફેદ સાધારણ વસ્ત્ર હતું.

એના વાળ વિખરાયેલા અને એની મુખાકૃતિ મ્લાન બનેલી.

એને જોઇને વિભીષણે કહ્યું : 'આવી સુકુમાર શરીરની, શીલવતી, પતિવ્રતા સીતાનું હરણ કરતાં રાવણનું દિલ જરા પણ પાછું ના પડયું એ એક આશ્ચર્ય છે.'

'એમને દિલ જેવું કાંઇ હોય તો તે પાછું પડેને?' મંદોદરી બોલી : 'મને તો લાગે છે કે એમનું દિલ મરી ગયું છે. નહિ તો એ આટલા વખત લગી સીતાને અહિ પૂરી રાખે? મેં તો એમને કેટલું યે સમજાવી જોયા, અને હજુ યે સમજાવીશ, પણ સાથે સાથે તમે પણ તમારાથી બનતું કરી જોજો. સીતા જ્યારે અહિંથી છૂટશે ત્યારે જ મને શાંતિ મળશે.'

( ક્રમશઃ )

સેવકજનોના, સંબંધિજનોના વા પરિચયમાં આવતા અન્ય માણસોના દોષોથી પરિતાપ ન પામતાં અગત્ય જણાય તેટલા તે દોષો દૂર થાય એવા ઉપાય યોજતા રહો. જેમ કોઇ નદીની નીચે ઘણી મોટી શિલા પડી હોય તેને તેના ઉપરથી વહન થતું જલ હલાવી શકતું નથી, તેમ પ્રારબ્ધવડે પ્રાપ્ત થતા અનુકૂલપ્રતિકૂલ પ્રસંગોમાં અંતઃકરણના ઉંડા ભાગમાં વિષમતા ઉપજવા દેવી નહિ. રંગભૂમિપર આવેલું પાત્ર જેમ કૃત્રિમ આસ્થાવડે પોતાનું કામ સારી રીતે કરે છે, તેમ કૃત્રિમ આસ્થાવડે પ્રાપ્તવ્યવહારનો ઉત્તમ પ્રકારે નિર્વાહ કરવો, ને કોઇ પણ પ્રકારે તેમાં મલિનતા નજ આવવા દેવી. કુલપ્રતિના ધર્મો, ન્યાયમંદિરપ્રતિના ધર્મો, સંબંધિજનપ્રતિના ધર્મો, ને ગુરુજનાદિપ્રતિના ધર્મોનું સાવધાનતાપૂર્વક પરિપાલન કરવું જોઇએ.

ગીતાનો સંદેશ

## * પ્રભુ માટે તલસાટ અનુભવો *

પ્રભુને જાણી લે છે તે સર્વ પ્રકારે કૃતાર્થ થાય છે, એવો ગીતામાતાનો કોલ છે. સર્વ પ્રકારનાં પાપ ને તાપમાંથી છૂટીને તે આનંદ કરે છે. તેનાં બધાં જ બંધનો તૂટી જાય છે. મુક્તિના પ્રદેશમાં બંધન ક્યાંથી હોય? પ્રભુ તો શાંતિ ને મુક્તિસ્વરૂપ છે. તેમને મેળવી લેનાર સ્વતંત્ર ને શાંતિરૂપ બની જાય છે. તેનાથી ભૂલેચૂકે પણ કોઇ ખોટું કામ થતું નથી. આ શબ્દોમાં ગીતામાતા આપણને સંદેશ આપે છે કે પરમાત્માને ભૂલી જઇને કરાતી કોઇએ સાધના પૂર્ણ શાંતિ આપી શકતી નથી. ઈશ્વરની સાથે અબોલા લઇને કરાતી કોઇ યે તપસ્યા માણસને પાપ, તાપ ને બંધનમાંથી છોડી શકતી નથી, ને ભગવાનની ગેરહાજરીવાળી કોઇયે યોજના જીવનનો પૂરો વિકાસ કરી શકતી નથી, તથા જીવનને પરિપૂર્ણ ને સફળ કરી શકતી નથી. માટે શાંતિની ઝંખના કરનાર સાધકો ને સંસારમાં રમનારા મારા બાળકો, તમે પરમાત્માનો સાક્ષાત્કાર કરવા તલપાપડ બનો, પ્રભુની પૂર્ણ કૃપાને માટે તલસાટ ઊભો કરો, ને ઈશ્વરને તમારા જીવનમાં ને જીવનની ઉન્નતિની યોજનામાં મહત્ત્વનું સ્થાન દો. માનવજાતિને માટે ગીતાનો ને ગીતાના ગાનાર ભગવાનનો આ મહત્ત્વનો સંદેશ છે. તેના તરફ સૌએ ધ્યાન આપવાની જરૂર છે. માનવજાતિના પ્રત્યેક સભ્યનું ધ્યાન આ સંદેશ તરફ વહેલામાં વહેલું દોરાય એમ આપણે ઇચ્છીશું ને પ્રભુને પ્રાર્થના કરીશું.

યોગેશ્વરજી

# સારી સાધના માટે શરીર સારું, સ્વચ્છ અને સુદૃઢ રાખવું જોઇએ

મનુષ્યની પાસે શરીર, મન અને આત્મા–ત્રણે રહેલાં છે. ગીતા એ ત્રણેનો સ્વીકાર કરે છે ને પોતાના પરિપૂર્ણ જીવનવિકાસના નકશામાં તેમને યોગ્ય સ્થાન પૂરું પાડે છે. જ્યારે કેટલાક ધર્મગ્રંથો શરીરને ગંદુ ને હીન માનીને તેની ઉપેક્ષા કરે છે, તેમ ગીતા શરીર પ્રત્યે દુર્લક્ષ કે તિરસ્કારવૃત્તિ બતાવવી નથી. પણ પૂર્ણતાને માટેના પુરુષાર્થનું સાધન માનીને તેને માનની દૃષ્ટિથી જુએ છે ને મહત્ત્વનું માને છે.

શરીર ગંદકીનું ઘર છે, જડ છે અને એક દિવસ મૃત્યુનો શિકાર થવાનું છે એ બરાબર છે, પરંતુ તેની સાથે સાથે તે ઈશ્વરનું મંદિર છે. પરમાત્માને પ્રકાશવાનું સાધન છે, ને જીવનનો ઇચ્છાપૂર્વક વિકાસ કરવાનું વાહન છે. જેમ કાદવ ખરાબ હોવા છતાં તેમાં કમળ ખીલે છે. તેથી તેનો મહિમા વધી જાય છે; ને ઉકરડો ઉપેક્ષા કરવા જેવો છે, છતાં પણ નવા અન્નને ઉગાડવામાં ખૂબજ મદદરૂપ બને છે. તેથી તેનું જતન કરવામાં આવે છે. તેમ શરીર પણ ઈશ્વરદર્શન કે આત્મસાક્ષાત્કારનું સાધન છે; તેથી મુક્તિ, શાંતિ ને પૂર્ણતા મેળવી શકાય છે, માટે તેનું પણ જતન કરવાની જરૂર છે. શરીર વિના કોઈએ સાધન થઈ શકતું નથી એમ જાણીને તેને સારું, સ્વચ્છ કે સુદૃઢ રાખવાનો પ્રયાસ કરવો જોઈએ. આપણા ઉપનિષદ્‌ના શાન્તિપાઠમાં પણ એટલેજ કહેવામાં આવ્યું છે કે "સ્થિર શરીરથી અમે ઈશ્વરે આપેલા આયુષ્યને ભોગવીએ."

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧

બિમારીને લીધે એ બધા પહેરે છે. સત્સંગથી જે શાંતિ મળે, તે કાયમી શાંતિ મળે છે. રુદ્રાક્ષ એ અનિવાર્ય નથી, અનિવાર્ય તો પવિત્ર જીવન જ છે.

એ પછી નંદીનું શું મહત્ત્વ? વગેરે પ્રશ્નમાંથી દેશની સંસ્કૃતિની વિસ્તૃત ચર્ચા થઇ. વગેરે પ્રસાદ વિતરણ બાદ સૌ છૂટા પડયા. દૂધ વગેરે લઇ આરામ.

**તા. ૧–૨–૮૧, પોષ વદ બારશ, ૨૦૩૭, રવિવાર**
**સ્થળ : અમદાવાદથી મોરબી.**

સવારે બરાબર સાડા આઠે દૂધ વગેરે લઇ લીધું. નવ વાગ્યે શ્રી નંદુભાઇના પરિવારને પૂ. શ્રી દશ મિનિટ માટે મળે છે. ત્યારબાદ રાજકોટથી આવેલા શાંતિભાઇને મોરબીથી આવેલા શ્રી હરિને પૂ. શ્રી મળે છે. ત્યારબાદ વડોદરા, અમદાવાદ વગેરેના સાધકોને મળે છે. નંદુભાઇના મોટા પુત્ર કાર્તિકેયના લગ્ન થોડા દિવસમાં જ છે. ગઇ સાંજે પૂ. શ્રીને પ્રથમ કંકોત્રી અર્પણ થઇ ત્યારે પૂ. શ્રીએ આશીર્વચન લખી આપ્યા હતા, તે કાર્તિકેય–પૂ. શ્રીની આરતી ઉતારે છે. પ્રણામ બાદ અમદાવાદથી વિદાય લઇએ છીએ.

બરાબર દોઢ વાગ્યે અમે મોરબી આવી જઇએ છીએ. માર્ગમાં જીવનમાં જાણવા જેવી ને શીખવા જેવી થોડી વાતો થાય છે. મોરબીમાં નાની બાળાઓ પૂ. શ્રીનું સ્વાગત કરે છે. બે વરસ બાદ પૂ. શ્રી અહીં પધારે છે, તેથી સૌને વિશેષ આનંદ થાય છે.

ભોજન બાદ આરામ. સાંજે ભક્તિયોગ ઉપર 'ગીતા પ્રવચનો' શરુ થયાં. આજે પ્રવચનની વચ્ચે વરદહસ્ત ગવડાવ્યું. અલ્પાહાર બાદ આરામ.



**તા. ૨–૨–૮૧, પોષ વદ તેરસ, ૨૦૩૭, સોમવાર.**
**સ્થળ : મોરબી.**

સવારે ૯ અને ૧૦ મિનિટે દૂધ એક ભાઇ નિયમ મુજબ મૂકી જાય છે. જેથી દૂધ લીધા બાદ માળા, લેખન શરુ થાય છે. બરાબર ૧૧:૩૦ પૂ. શ્રી આ મકાનના પાછલા ખુલ્લા ઓટલા ઉપર ખુરશી, મૂકવાની સૂચના આપે છે. એ મુજબ બહાર સૂર્યનારાયણની છાયામાં પૂ. શ્રી બેઠા છે, સામે ભાવિક ભક્તોના ત્રણ પરિવાર બેઠા છે. જેમાં શ્રીહરિ, શ્રી કલ્યાણ ને શ્રી સુખલાલભાઇનો સમાવેશ થાય છે.

પૂ. શ્રી શ્રીહરિ નામના ભાવિક ભક્ત જે મુંબઇમાં રહે છે તેમની વાતો કરે છે. એક અસહાય સ્રીના જીવનને સર્વોત્તમ બનાવવાનું એમણે સત્કર્મ કર્યું હતું. વગેરે વાતો ચાલી રહી છે. ૧૨:૨૦ થયા. પૂ. શ્રી થોડીવાર ભક્તો સાથે ઉભા રહી ભોજન બાદ વાતો કરે છે. ભોજનમાં આજે મગભાત ને બાજરાનો રોટલો હતો. ત્યારબાદ પુસ્તકોના વેચાણની કિંમતની સમજ આપે છે, પછી આરામ.

આરામ બાદ સાંજે ૫:૩૦ શ્રીહરિ અને શ્રી કલ્યાણ આવે છે. પ્રવચન સ્થળે જવા આવવાના સાધનની વાતો થાય છે. પૂ. શ્રી કહે છે, "રીક્ષામાં બેસીને પણ જઇ શકાય એમાં શું? કોઇનું સાધન પ્રેમપૂર્વક સેવા ઇચ્છતું હોય તો જુદી વાત છે. નહીંતર રીક્ષા, અરે ઘોડાગાડી, બળદ ગાડું પણ ચાલે એમાં શું?"

આ વાતચીત ઉપરથી પૂ. શ્રીનો સરળ સ્વભાવ, અનુકૂળ થવાની વિશેષ વાત ધ્યાન ખેંચે તેવી હતી. જોકે પ્રવચન સ્થળે જવા માટે સાધનની વ્યવસ્થા થઇ ગઇ હતી, એ મુજબ પ્રવચન

સ્થળે ગયા. આજના પ્રવચનના વિષયમાં સર્વેશ્વરીનો પરિચય પણ પૂ. શ્રીએ વણી લીધો.

પ્રવચન બાદ અલ્પાહાર પછી શ્રીકલ્યાણ સાથે વાતો થઈ. તો શ્રીહરિ કહેવા લાગ્યા કે ગઈકાલ બપોર સુધી ચિંતા ને કસોટી કરી પણ પછી આપોઆપ પૂ. શ્રીને પ્રવચન સ્થળે લઈ જવાની ને લાવવાની વ્યવસ્થા થઈ ગઈ. પોતે આવે પછી બધી વ્યવસ્થા થઈ જ જાય છે. પણ આપણને ચિંતા રહે.

સાચે જ શ્રીહરિની વાતો સાચી હતી, જેમ લાઈટના સીગ્નલથી વાહન વ્યવહારનું નિયમન આપોઆપ થાય છે, તેમ પૂ. શ્રીની હાજરી માત્રથી જ આપોઆપ બધું નિયમન થાય, ગોઠવાઈ જાય છે.

લગભગ સાડા નવે સૌ વિદાય લે છે. પૂ. શ્રી આરામ કરે છે.

**તા. ૩–૨–૮૧, પોષ વદ ચૌદશ, ૨૦૩૭, મંગળવાર.**

**સ્થળ : મોરબી.**

ગઈકાલે સાંજે અલ્પાહાર સમયે પૂ. શ્રીને માખણ લેવાની પ્રાર્થના કરી તો પૂ. શ્રીએ રમૂજ કરતાં કહ્યું હજી તો એક વાર પણ માખણ લીધું ન હતું, ત્યાં પલંગ તૂટયો. તો બબ્બે વાર માખણ લેવા માંડીએ તો શું થાય? ચોવીસ કલાકમાં એક વાર જ બરાબર છે. (તા. ૧/૨/૮૧ ના રાત્રે પૂ. શ્રીનો પલંગ તૂટયો હતો.)

સવારે નિયમ–સૂચના પ્રમાણે દૂધ નવ વાગ્યે બહારના રૂમમાં આવી જાય છે. ૯ અને દસે પૂ. શ્રી દૂધ લઈ લે છે. માતાજીના જીવન પ્રસંગોમાંનો એક પ્રસંગ પૂ. શ્રી લખે છે. પોણા અગિયાર પછી પૂ. શ્રી માળા કરે છે. ત્યારબાદ સમય થતાં પૂ. શ્રી મુલાકાત આપે છે.



એક ભાઈ ગાયત્રીમંત્રનો ઉચ્ચાર શુદ્ધ રીતે બોલતાં શીખે છે. પૂ. શ્રી ઘણી ઘણીવાર તેમને એ મંત્ર બોલાવડાવે છે.

**પ્રશ્ન :** ગાયત્રીની માળા રાત્રે કરું છું તો કંઈ વાંધો ખરો?

**પૂ. શ્રી :** રાત્રે માળા જપો તો ચાલે. ભગવાન કંઈ માળાનું પારસલ પાછુ નથી મોકલતા. રાત્રે, દિવસે, બપોરે માળા કરો. ખુશીથી કરો. ભગવાન માળા કરે છે, તે જુએ છે, સમય જોતા નથી. શાસ્ત્રોએ કહ્યું–'સર્વાવસ્થાસુ'– સર્વ અવસ્થામાં જપો. ઘણા ગાયત્રી ઉપાસકોને મેં જોયા છે. જેઓ રાત્રે જ ૧૨ થી ૪ જપ કરે છે, તો લાભ થાય જ છે.

**પ્રશ્ન :** જપ માળા લઈને કરવા કે માળા વિના કરવા?

**પૂ. શ્રી :** નિયમ રાખો. માળાની સંખ્યાનો નિયમ રાખો, વળી સાથે મનને બંધન પણ આપો કે આટલી માળા ન થાય તો આજે ભોજન બંધ. જો સંખ્યાનો નિયમ ન ગમે તો સમયનો નિયમ રાખો.

અમુક મિનિટમાં કેટલી માળા થાય તે જોઈ લો પછી સમય પ્રમાણે જપ કરો. બેસીને તો જપો જ.

વળી હાલતાં ચાલતાં જપો. તે ઉપરનું. જેમ ભાણે બેસીને જમો તે જુદું ને સેવમમરા ખીસ્સામાં રાખીને ફાકો તે ઉપરનું.

**પ્રશ્ન :** રાત્રે જપ કરતાં પહેલાં અગરબત્તી, સ્નાન કરવું જરૂરી જ છે?

**પૂ. શ્રી :** તમારી રૂચિનો સવાલ છે. ભગવાને કંઈ કહ્યું છે કે તમે એમ કરો તો જ તમારા જપ મારી પાસે આવશે. ના. ભગવાન તો ભાવ જ માંગે છે. તમારી ઈચ્છા હોય તો કરો. એ